Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત : ૨૬

વીર સંવત : ૨૪૫૦

વિક્રમ સંવત : - -

પુસ્તક : ૨૨

સને : - -

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

अस्त्येतत्पुत्रपौत्रादिकमखिलमहो बन्धनायैव लोके,
द्रव्यं चातिप्रमाणं मदमलिनधियां केवलं दुःखदं स्यात् ।
नित्यं तच्चिन्तयित्वा मतिमलहतये प्राप्तये ज्ञानराशेर्,
आत्मानन्द प्रकाशं विदधतु हृदयेऽज्ञाननाशाय जैनाः ॥ १ ॥

पु. २२. | वीर सं. २४५०. श्रावण. आत्म सं. २९ | अंक १ लो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा–भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ પ્રારંભ પ્રભુ પ્રાર્થના. ... ... | ૧ | ૭ ઐતિહાસિક નોંધ. ... ... | ૧૫ |
| ૨ ગુરૂરાય નમન. ... ... | ૧ | ૮ વિશ્વરચના પ્રબંધ. ... ... | ૧૯ |
| ૩ ધ્યેયદર્શન અને આશિર્વચન. ... | ૨ | ૯ શ્રી મહાવીર વિદ્યાલય સ્કોલરશીપ ફંડના નિયમો. ... ... | ૨૪ |
| ૪ સ્તવના. ... ... ... | ૨ | ૧૦ વર્તમાન સમાચાર ... ... | ૨૬ |
| ૫ નૂતનવર્ષની સદ્ભાવના. ... | ૩ | ૧૧ ગ્રંથાવલોકન અને મેઘદૂત મહાકાવ્યનો સત્કાર. ... ... | ૨૭ |
| ૬ શ્રીમદ દેવચંદ્રજી અને ગુર્જર સાહિત્ય. | ૭ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## એકવીશમા અને બાવીશમા બંને વર્ષની અપૂર્વ ભેટ.

# આદર્શ જૈન સ્ત્રીરત્નો.

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઇયે છીયે કે, ઉપરોક્ત ગ્રંથ આ માસિકના ગ્રાહકોને આ વર્ષે ભેટ આપવાનું પસંદ કરવામાં આવ્યું છે.

પ્રાતઃસ્મરણીય માંગલ્યકારી ચૌદ પવિત્ર માતાઓ–આદર્શ સ્ત્રીરત્નો અને મહાસતીઓનાં વૃત્તાંતો આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, જે સ્ત્રી જાતિનું મહત્વ અને સ્ત્રીત્વના ગુણોના પરમ વિકાસ કરનાર એક ઉપદેશાત્મક રચના છે.

ચારિત્ર્ય વિકાસ માટે, ઉત્તમ ચારિત્રવાન અને સદ્‌ગુણી બનવા માટે, શાસ્ત્રકાર મહારાજે મહાન સ્ત્રી, પુરૂષોના ઉંચા આદર્શને નજર સામે રાખીને, પોતાના જીવનમાં ઉતારવાને અભ્યાસ કરવાની બતાવેલી જરૂરીયાત આ ગ્રંથમાં આવેલી સ્ત્રીરત્નોની કથા પુરી પાડે છે; તેટલુંજ નહીં, પરંતુ આ કથાઓ એટલી બધી સરલ, સુંદર, રસિક, પ્રભાવશાળી, ગૌરવતાપુર્ણ, ચમત્કારિક અને ઉપદેશક છે કે તે મનનપૂર્વક વાંચતાં દરેક બ્હેનો આદર્શ સતીરૂપ બની, તેમના ચારિત્રનો વિકાસ થતાં પોતાના આત્મા માટે મોક્ષ નજીક લાવી મુકે છે. દરેક મનુષ્યને પ્રાતઃકાળમાં સ્મરણ કરવા યોગ્ય, દરેક બ્હેનોને પોતાનું ચારિત્ર્ય ખીલવી જીવનને કર્તવ્યપરાયણ અને પોતાનો સંસાર–વ્યવહાર સુખમય બનાવી, મનુષ્ય જન્મનું સાર્થક કરવા માટે આ ગ્રંથ ઉત્તમોત્તમ એક આલંબનરૂપ છે. **સતી ચરિત્રની આ કથાઓ સાથે સ્ત્રી કેળવણી કેટલી જરૂરીયાતની છે? સ્ત્રી કેળવણી કેવી હોવી જોઇએ? અને સાથે સ્ત્રી હિતબોધ અમૂલ્ય વચનોનું પણ આ ગ્રંથમાં વિસ્તારથી વિવેચન કરવામાં આવેલુ** છે. આવો ઉપદેશક, અને પઠન પાઠન કરવા યોગ્ય આ અપૂર્વ ગ્રંથ આ વર્ષે અમારા સુજ્ઞ ગ્રાહક બંધુઓને ભેટ આપવાનો છે.

અમારા ગ્રાહક બંધુઓ સાથે જણાવેલ જાહેર ખબર પ્રમાણે બે વર્ષની ભેટની બુકના લવાજમનું વી૦ પી૦ તેમના ઉપર શ્રાવણ વદી ૫ થી શરૂ થશે જેથી તે સ્વિકારી લઇ જ્ઞાન-ખાતાને નુકશાન કરશેજ નહીં, એમ અમોને સંપૂર્ણ ભરોંસો છે; છતાં ભેટની બુકનું વી૦ પી૦ ન સ્વીકારવું હોય તેમણે અમોને પ્રથમ લખી જણાવવું, જેથી વી૦ પી૦ નો નકામો ખર્ચ ન થાય તેમજ પોસ્ટ ખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહીં. તેટલી સુચના ધ્યાનમાં લેવા નમ્ર વિનંતિ છે.

---

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

**૧ શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર. રૂા. ૨–૦–૦ ૩ આદર્શ જૈન સ્ત્રી રત્નો ૧–૪–૦**
**૨ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો ૨–૦–૦**

ઉપરના ત્રણ મહાન પુરૂષો અને સ્ત્રીઓના ચરિત્રોના ગ્રંથો ભેટ આપવાના છે. બહાર ગામના લાઈફ મેમ્બરોને પોસ્ટ પૂરતા પૈસાનું વી૦ પી૦ કરી મોકલવામાં આવશે.

ગમે તેટલી કિંમતના ગ્રંથો કાંઇપણ રકમ કાપી લીધા સિવાય દર વખતે અમારા લાઇફ મેમ્બરોને ( છપાતાં તમામ ગ્રંથો ભેટ ) અપાય છે. આવો ક્રમ સાહિત્યપ્રચારની દષ્ટિએ ઉદાર ભાવનાથી લાઇફ મેમ્બરોને લાભ આપવાનો આ સભાએજ રાખ્યો છે. અત્યારસુધી અનેક સારા સારા ( દોઢસો ) ગ્રંથો લાઇફ મેમ્બરને કાંઇપણ લીધા સિવાય ભેટ આપી એક નાનું પુસ્તકાલય બનાવી દેવામાં આ સભા સહાયભૂત થયેલ છે. લાઇફ મેમ્બર થનારને આવો સારો લાભ આ સભાથીજ મળતો હોવાથી દરેક જૈન બંધુઓ લાઇફ મેમ્બર થઇ અવશ્ય તેવા લાભ મેળવશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "આત્માનંદ પ્રકાશ" માસિકના માનવંતા ગ્રાહકોને નમ્ર વિનંતિ.

**સુજ્ઞ મહાશય !**

આપશ્રી "આત્માનંદ પ્રકાશ" માસિકના ચાલુ ગ્રાહક છે. ગયા બે માસથી આત્માનંદ પ્રકાશમાં ભેટની બુક "**આદર્શ જૈન સ્ત્રી રત્નો**" વી. પી. થી મોકલવાની સુચના આપવામાં આવેલ છે જે આપના ધ્યાનમાં હશે.

આત્માનંદ પ્રકાશ માસિકનું આ શ્રાવણ માસથી ૨૨ મું વર્ષ શરૂ થયું છે. લડાઇને અંગે તેમજ બીજા કારણે કાગળની અને છપાઇની મોંઘવારીને લીધે બીજાં માસિકોએ-લવાજમમાં વધારો કર્યા છતાં, અમોએ તેજ લવાજમથી શરૂ રાખી દર વરસે ભેટની બુક પણ નિયમીત આપેલ છે તે આપને વિદિત છે. આવી સ્થિતિ વચ્ચે તેજ લવાજમમાં માસિક અને ભેટની બુક નિયમીત આપવા છતાં, પોસ્ટ ખર્ચના વધેલ ચાજથી ગ્રાહકોને ટપાલ ખર્ચનો બોજો વધતો હોવાથી અમો સસ્તું આપીએ છીએ તે લાભ જતો રહેતો હોવાથી, અમોએ આ વર્ષની ભેટની બુક બે વર્ષની સાથે (ડબલ મોટી) (એટલે આત્માનંદ પ્રકાશ પુ. ૨૧-૨૨ ની) આપવા નિર્ણય કર્યો છે. દર વરસે દશ ફારમની એંશીથી સો પાનાની બુક ભેટની આપવાનો ધારો છે, તેને બદલે આ વખતે અઢીસે પાનાનું મોટું પુસ્તક બે વર્ષનું ભેગું આપવું કે જેથી એક વર્ષનું વી. પી. કરવામાં જે ટપાલ ખર્ચ રૂા. ૦-૮-૦ થાય છે તે ગ્રાહકોને આ વર્ષ અને તેવી રીતે દરવર્ષે આઠ આનાનો બચાવ થતાં વાંચનનો લાભ ગ્રાહકોને તો પૂરેપૂરો બેવડો અને તેથી વધારે મળ્યા કરે.

**આ વખતની ભેટની બુક લગભગ અઢીસો પાનાની થશે.** અમોએ અષાડ માસમાં વી. પી. કરવાની સુચના ગયા બે અંકમાં કરેલી, પરંતુ ઉપરની હકીકત ધ્યાનમાં લેતાં આ પુસ્તક મોટું કરવામાં આવતાં વધારે વખત છપાતા લાગવાથી હવે શ્રાવણ માસમાં **આત્માનંદ પ્રકાશ** પુ. ૨૧ માનું ચડેલું લવાજમ તથા આ શ્રાવણ માસથી આવતા અષાડ માસ સુધી પુ. ૨૨ માનું **લવાજમ** (બે વર્ષનું લવાજમ) સાથે પોસ્ટ ખર્ચ સાથે રૂા. ૨-૧૨-૦ ના વી. પી. થી રવાના કરવામાં આવશે.

આપને આ પત્ર ખાસ લખવાનું કારણ એજ કે આપશ્રી આ હકીકત બરાબર જાણી શકો, અને વી. પી. સમજફેરથી પાછું ન વાળો. ભેટનું પુસ્તક સુંદર, દળદાર, અને એટલું બધું ઉપયોગી છે કે જે ગ્રાહકોને મળતાં ઘણોજ સંતોષ થશે. આશા છે કે, આપશ્રી ઉપરની હકીકત ધ્યાનમાં લઈને બંને વર્ષના લવાજમનું રૂા. ૨-૧૨-૦ નું ભેટની બુકનું વી. પી. સ્વીકારી લેશો. છતાં પણ સ્વિકારવામાં કોઇ જાતની અડચણ હોય તો અમોને તુરત લખશો જેથી જ્ઞાનખાતાને નુકશાન ન થાય. એજ વિનંતિ.

લી० નમ્ર સેવકો,
**સેક્રેટરીઓ.**

---

આનંદ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ किं भंते? जो गिलाणं पडियरइ से धरणे उदाहु जे तुमं दंसणेणं पडिवज्जइ? गोयमा! जे गिलाणं पडियरइ। से केणट्ठेणं भंते? एवं वुच्चई? गोयमा! जे गिलाणं पडियरइ से मं दंसणेणं पडिवज्जइ जे मं दंसणेणं पडिवज्जइ से गिलाणं पडियरइ त्ति। आणाकरणसारं खु अरहंताणं दंसणं, से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ–जे गिलाणं पडियरइ से मं पडिवज्जइ, जे मं पडिवज्जइ से गिलाणं पडियरइ ॥

पुस्तक २२ ] वीर संवत् २४५० श्रावण आत्म संवत् २६. [ अंक १ लो.

ॐ

## प्रारंभ–प्रार्थना.

( હરિગિત. )

मांगल्य–वंदन— ( ૧ )

પ્રારંભમાં **મંગલ** મહા પ્રભુવીર–ને વંદન કરૂં,
આનંદ **મંગલ** ગૌતમ ગણધર સુ–નાણ દિવાયરૂ;
સ્થુલિભદ્ર આદિ મુનિન્દ્ર **મંગલ** રત્નત્રય આરાધકા,
સ્યાદ્વાદ ધર્મ વિશિષ્ટ **મંગલ** શિવ સદન પથ દર્શિકા.

गुरुराय नमन— (२)

ત્રિવિધે નમન ક્રમથી વળી ગુરૂરાય આતમરામ ને
કળિકાળ માંહિ સૂરિશ ઇશ સમાન ભ્રાત ! વિચારને;
ઉપદેશ દ્વારા ભારતે આનંદ આત્મિક અર્પતા,
દૈવી મનોહર સૌમ્ય મૂરત નિપુણ યોગીશ્વર હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ध्येय दर्शन—— ( ૩ )

સેવા સમાજ તણી કરી અતિ હર્ષથી ગત વર્ષમાં,
તદ્ વિધ નૂતન્ વર્ષમાં ઉત્સુક છું ઉત્કર્ષમાં;
સત્ શાસ્ત્રના ફરમાનની મર્યાદ લક્ષ વિષે ગૃહી,
ચર્ચિશ વિધ વિધ વિષય સુંદર મધ્ય માર્ગ વિષે રહી.

आशिर्वचन—— ( ૪ )

પાલક અને ગ્રાહક વળી જિન ધર્મ ધારક માત્રના,
ઈપ્સિત પૂર્ણ થવા અધિષ્ટાયક કરૂં છું પ્રાર્થના;
આનંદ आत्मानंद ના અભ્યાસથી સહેજે થશે,
માંગલ્ય માલા અર્પતા મમ્ હૃદય આશિર્ વર્ષશે.

વેલચંદ ધનજી.

ॐ

॥ सद्गुरुचरणाय नमः ॥

સહુ રાષ્ટ્ર માંહિ સુ રાષ્ટ્ર છે " સૌરાષ્ટ્ર " ભારત ભૂતલે,
તીર્થો વિષે તીર્થેશ " શત્રુંજય " પવિત્રજ એ સ્થલે;
છાંયા તળે શુભ ભાવ વાસિત " ભાવનગર " ગણાય છે,
ત્યાંથી વિશિષ્ટાદર્શ आत्मानंद પ્રકટિત થાય છે.

વે. ધ.

## स्तावना.

( ભુજંગી છંદ )

કૃપાળુ ! કૃપા પૂર્ણ રાખોજ દેવ, સદા શાન્તિ આપો પ્રભો ! તત્ખેવ.
દયા દાન દાતાર હો દેવ મ્હારા, મ્હને આપણો એક આધાર પ્યારા. ૧
ધરૂં ધ્યાન ત્હારૂં સદા શુદ્ધ ભાવે, સ્તવું હું, નમું હું, બીજું દીલ નાવે.
મ્હને સુખ બીજું ગમેના કદીકો, સદાએ મતિ શુદ્ધ ભાવે રહે છો. ૨
ત્રિવર્ગ તાપો દહે સર્વ કાળે, વહી અંતરે નીર તેને વિદારે;
ભૂલ્યા પંથ પ્રાણી સુપંથેજ સ્થાપે, ડૂબે સિન્ધુમાં તેહને હાથ આપે. ૩
કૃપા વારી વ્હે છે સદા સર્વ સ્થાને, નહિ ભેદ વંદક નિંદક નામે !
હશે કોણ એવોજ અધન્ય પ્રાણી ?, છબી નિર્મળી હા ન જેણે પિછાણી. ૪

For Private And Personal Use Only

ભુલું ભાન મોહા વશે જો જિનેશ, વળું વિપથે એવી રહે છેજ ×દ્દે ’શ
*તથા નિર્મલી જ્ઞાન જ્યોતિ પ્રજાળી, વળાવો સુ પંથે રહીને અગાડી. ૫

મુંબાઇ
તા–૧૫–૨–૨૪ } શાહ. ગોરધનદાસ વીરચંદ–સિનોરવાળા.

# नूतनवर्षनी सद्भावना.

માનવ સૃષ્ટિને જૈનતત્ત્વજ્ઞાનની રોશનીવડે પ્રકાશિત કરતું, વિલાસ અને જડવાદની સામે આધ્યાત્મિક આંદોલનો પ્રેરતું, વાચક વર્ગના હૃદય ક્ષેત્રમાં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના બીજો વાવતું, તેમજ આત્મિક વિશુદ્ધિના મંગલમય આનંદને પ્રકટાવતું **આત્માનંદ પ્રકાશ** આજે બાવીશમા વર્ષમાં પ્રવેશ કરે છે. આત્માનો આનંદ **બ્રહ્મચર્ય** ઉપર નિર્ભર છે, **બ્રહ્મચર્ય** એ આત્માનંદ પ્રાપ્ત કરવાનું મૌલિક સાધન છે; એ **બ્રહ્મચર્ય**ના અધિષ્ઠાતા આ જન્મ બ્રહ્મચારી બાવીશમા શ્રી નેમિનાથજી પ્રભુનું પ્રસ્તુત વર્ષના પ્રારંભમાં સ્મરણ કરી ગત વર્ષના ભૂતકાલીન સંસ્મરણો વિચારવા સાથે નૂતન વર્ષના મનોરથો વાંચકગણ સમક્ષ રજુ કરવામાં આવે છે.

માનવ જીવનની મહત્તા કયાં છે? આપણે વર્તમાન પરિસ્થિતિમાં કયાં ઉભા છીએ? ભવિષ્યમાં આપણો કાર્યનિર્દેશ કઇ ગતિમાં વહન કરવાનો છે? આપણે લક્ષ્યને છોડી માત્ર સાધનોમાં ગુંચવાઇ જતા નથી કે? આપણું જીવન માત્ર પ્રવૃત્તિ અને વિલાસમાં વીતાવી પુરૂં કરવા માગીએ છીએ, કે શાંતિ શોધવા માટે કાંઇ અવકાશ છે? જીવન કલહો ઘટાડી આત્મિક આનંદ જે આપણને પ્રિય છે, તે તરફ આપણું દૃષ્ટિબિંદુ ( point of view ) અહોનિશ જાગૃત રહે છે? જ્ઞાનાભ્યાસના તર્કવાદ અને વિતંડાવાદમાંજ માત્ર જીવનનું બળ ખર્ચવાનું છે, કે ચારિત્ર–વર્તનમાં પ્રવેશ કરવાની અભિલાષા પ્રકટી છે? આ અને આવાજ પ્રકારના પ્રશ્નો પ્રત્યેક મનુષ્યે પોતાના આત્માને પૂછી હવે કર્તવ્યશીલ થવાનો સમય આવી લાગ્યો છે. **ज्ञानस्य फलं विरतिः** એ મહાન્ સૂત્રને અમલમાં મૂકવાના પ્રયાસનું વાતાવરણ સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે.

બીજી દૃષ્ટિએ તપાસતાં જૈનદર્શન શાસ્ત્રના વચનોને દૂર મૂકી આપણે કેટલા બધા સ્વાર્થી, અભિમાની અને ક્ષણિક આવેશોને આધીન બની ગયા છીએ, કે વિચાર સ્વાતંત્ર્ય અને મતસહિષ્ણુતા જાળવી શકતા નથી. મૈત્રીભાવનાનું રહસ્ય લગભગ ભૂલી ગયા છીએ; આપણું જ્ઞાતિજીવન, આપણું સામાજીક જીવન તેમજ

× દ્દે ’શ ? બ્હીક, ભિતિ. * તથાઃ ત્હેવે વખતે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણું ધાર્મિક અને આધ્યાત્મિક જીવન આપણે વિલાસમાં, લોભમાં અને અતિ પ્રવૃત્તિમાં ગુમાવી બેઠા છીએ. આપણું સ્થાન કયાં છે ? તે આપણે જાણી શકતા નથી. તેમજ ત્યાં સ્થિર થઇ શકતા નથી. આ સર્વ માટે આપણા આત્માને જાગૃત કરી વિશુદ્ધિ માટે તત્પર બનાવવા કટિબદ્ધ થવાની આવશ્યકતા વગર વિલંબે પ્રકટાવવાની જરૂરીઆત છે.

આત્માના આનંદને પ્રકટાવવાનો મોટો આધાર હંમેશાં મનુષ્યની ભાવના ઉપરજ હોય છે; પ્રત્યેક મનુષ્ય તેની ભાવનાએ ઉપજાવેલી સૃષ્ટિમાંજ વિહરે છે, રમે છે અને હર્ષ કે શોક અથવા રાગદ્વેષાદિ દ્વંદ્વોમાં વિલસે છે; પોતાની ભાવના સૃષ્ટિનો પોતેજ કર્તા હોય, જ્યારે વિલાસ અને ઇંદ્રિય સુખોના પડોને ભેદી આત્મા સાથે વિચાર કરવા લાગે છે ત્યારે, તેનાં આંતર ચક્ષુ ઉઘડે છે, મનુષ્ય મનુષ્યનું તાત્વિક સ્વરૂપ સમજે છે અને જીવન વ્યવહારમાં કલેશને સ્થાન નહિ આપવા જેવી ભૂમિકા તૈયાર કરે છે.

કાર્ય કારણની સંકલનાના કુદરતી નિયમને પ્રસ્તુત માસિક પણ આધીન હોવાથી જે જે લેખ સમૃદ્ધિ ગત વર્ષમાં વાચકવર્ગ સમક્ષ મૂકવામાં આવી છે, તે તે લેખકોની ભાવના સૃષ્ટિમાંથી પ્રકટેલી હોવાથી અવશ્ય સારાં ફળો નીપજાવી રહી છે. અને ભવિષ્યમાં તે ફળો વિશેષ સુંદર અને રસપૂર્ણ થાય તે માટે લેખકોને વધારે વીર્યશાલી ભાવનાઓથી પ્રસ્તુત માસિકમાં ગદ્ય પદ્ય લેખો આપવા સાદર સૂચવીએ છીએ.

વિલાસ અને અતિ પ્રવૃત્તિનાં ગર્ભમાં ડૂબેલા જૈનસમાજને હવે વ્યવહાર વિશુદ્ધિની ખાસ જરૂર છે. **न्यायोपार्जित** ધન જે વ્યવહારશુદ્ધિનો મુખ્ય પાયો છે તે લગભગ હચમચી ગયો છે. સટ્ટો અને મીલોનો યાંત્રિક વ્યાપાર જૈનસમાજમાં વિશેષ પ્રમાણમાં પ્રચલિત થયેલો છે. આવી પરિસ્થિતિમાં જ્યાં ગૃહસ્થો વ્યાપારમાં ન્યાય અન્યાયની તપાસ ન રાખે ત્યાં ધર્મપૂર્વક અર્થ અને કામ પુરૂષાર્થો સિદ્ધ નહિ થતાં મૂળમાંજ સડો પેસી ગયો છે. આત્મા અને તેના આનંદની ઉત્કૃષ્ટતા માત્ર શાસ્ત્રના પાનાંઓમાં અને મુખેથી દલીલો કરવામાંજ રહી ગઇ છે.

ક્રિયાકાંડોનું જૈન જીવન પણ લગભગ શ્રદ્ધાહીન થઇ ગયું છે. યુવકો ઉત્સાહી હોય છે, તેમને યથાર્થ શાસ્ત્ર વચનોનું પરિણામ ન થાય તો, તેઓ વિચાર સ્વાતંત્ર્યના બ્હાના તળે શાસ્ત્રીય મૂળ ભૂત સિદ્ધાંતોને અને ક્રિયાકાંડોને નહિ સમજતાં અર્થના અનર્થ કરે તેમાં દોષ કોનો ? જૈનસમાજના આચાર્યો, મુનિવરો અને વિદ્વાન ગૃહસ્થોનો ક્રિયાકાંડને રસકાંડને રસમય કરવા માટે તેઓ સવેળા નહિ ચેતે તો, હજી પણ ભવિષ્યમાં જૈનસમાજને શોચવાનું રહેશે. અને સાચા જૈન સિદ્ધાંતો રગદોળાઈ જતાં તેમને શોધવા મુશ્કેલ થઇ પડશે. વસ્તુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિતિ આમ હોઇ વ્યવહાર વિશુદ્ધિમય જીવન કરવા પછીજ આત્માનંદની અલૌકિક વાનકી મળી શકશે.

ગત વર્ષમાં લગભગ ૨૬ પદ્ય અને ૫૧ ગદ્ય લેખો મળી ૭૭ લેખો આપવામાં આવ્યા છે. પદ્ય લેખોમાં ૧૩ સંઘવી વેલચંદ ધનજીના છે, જેમાં આંતર આલાપ, પ્રભાવિક જ્ઞાનબીજ અને માનવદેહની પુણ્ય પ્રભા મુખ્ય છે. પદ્ય લેખો હમેશાં લાગણી ઉપર અસર કરે તોજ સાર્થક છે. પ્રસ્તુત લેખો તેવી કોટિના હોઇ પ્રશંસા પાત્ર છે; તે સિવાયના ૧ સાંકળચંદ કવિનો, ૪ સ્પેકટેટરના અને ૩ પાદરાકરના વીર વચનામૃત આદિ ૬ વિગેરે પદ્ય લેખો પણ ઘણાજ સુંદર અને આકર્ષક છે. મહાત્મા કર્પુરવિજયજીનો ‘ચેત ચેત નર ચેત ’ સંગ્રહ કરેલું પદ્ય પણ આધ્યાત્મિક ભાવોમાં વાંચકોને તલ્લીન કરે છે. ગદ્ય લેખોમાં સાન્મિત્ર શ્રીમદ્ કર્પુરવિજયજી મહારાજના લગભગ ચાર લેખો પૈકી “ હિત વાકયો અને ”પર્યુષણ પર્વ “ અને આપણું કર્તવ્ય” એ બન્ને લેખો વાંચકને વ્યવહારિક અને ધાર્મિક સૃષ્ટિમાં હિતકારી નીવડે તેવા છે; તેમને પ્રસ્તુત પત્રને વિશેષ પ્રયત્નથી ભવિષ્યમાં લેખો આપવા વિનંતિ કરીએ છીએ. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે ‘જૈન ઐતહાસિક સાહિત્ય’ નો લેખ લગભગ દશ વખત થઇને પૂર્ણ કર્યો છે. ને અનેક ગ્રંથોમાંથી સંગ્રહ કરી શ્રી આબુજીનું જાણવા લાયક વર્ણન આપવામાં આવેલ છે; તે સિવાય લગભગ ૭ લેખો શાંતિની શોધ; શ્રાવક સંસારના ૭ તત્વો, સ્વભાવનુ બંધારણ, વિગેરે ઉત્તમ શૈલીથી લખી જૈનસમાજ ઉપર ઉપકાર કરેલો છે. રા. રા. મોહનલાલ દલીચંદે ‘ જયવંતસૂરિ ’ નો લેખ લખી જૈન ઇતિહાસની પ્રાચીનતામાં વધારો કર્યો છે. રા. શિષ્યે આત્માનંદ પ્રાપ્તિનો માર્ગ અને ચારિત્ર–બંધારણના લેખોવડે વ્યવહાર અને ધર્મનું ભાન ઠીક કરાવ્યું છે. રા. પ્રભુદાસ બેચરદાસે ગદ્ય તેમજ પદ્ય લેખો પર્યુષણા સંબંધે સુંદર અને બાળકને સમજાય તેવી ભાષામાં લખ્યા છે. મુનિ શ્રી દર્શનવિજયજીએ ‘ વર્તમાન યુગમાં નોવેલોનું સ્થાન ’ તેમજ મુનિ શ્રી જ્ઞાનવિજયજીએ ‘ પ્રભુ મહાવીર અને ગૌતમબુદ્ધ ’ જૈન મંત્રીઓ ’ વિગેરે લેખોવડે પોતાની અસાધારણ વિદ્વત્તા બતાવવા સાથે ઐતિહાસિક દૃષ્ટિએ જૈન સમાજ ઉપર ઉપકાર કરેલો છે. તેઓશ્રીને પણ હવે પછી પોતાના લેખો ચાલુ રાખવા વિનંતિ કરીએ છીએ.

પ્રસ્તુત વર્ષમાં ચૈત્ર માસનો અંક ‘ મહાવીર જયંતિ અંક ’ તરીકે મુકવામાં આવ્યો છે, જેમાં મુનિશ્રી દર્શનવિજયજી એ સંવાદરૂપે ગદ્ય પદ્યમાં ‘ મહાવીર જન્મોત્સવ ’ દર્શાવેલો છે; જે સાક્ષરી ભાષાને શોભાવે છે. તેઓ આવા સંવાદો હવે પછી સુંદર શૈલીથી લખશે તેવી આશા રાખીએ છીએ. મુનિ શ્રી જ્ઞાનવિજયજીએ પણ તે ખાસ અંકમાં સુંદર અને આકર્ષક શૈલીમાં લેખ આપેલ છે, તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિવાય ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ તથા શા. ફતેહચંદ ઝવેરભાઈના લેખો પણ તે અંકમાં ઠીક શૈલીથી લખાયલા છે.

ગત વર્ષમાં ગુજરાતી સાહિત્ય પરિષદ્ અત્રે ભરાતાં ત્યાં તેને માટે લખાયેલા બે લેખો જેમાં એક સુખલાલજી પંડિતનો 'જૈન ન્યાયનો ક્રમિક વિકાસ' અને ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસનો 'ગુજરાતી ભાષામાં જૈન રાસાઓનું પ્રથમ સ્થાન' કે જે તે વખતે વંચાયલો તે લેખ પ્રસ્તુત પત્રમાં જૈન સમાજનું ઐતિહાસિક જીવન કેટલું પ્રાચીન હતું તે દર્શાવવા ખાતર મૂકવામાં આવ્યા છે. રા. ફતેચંદ ઝવેરભાઈનો 'જૈનદર્શન તુલનાત્મક દૃષ્ટિએ' નિબંધ પણ બે વખત મળીને પૂર્ણ કરવામાં આવ્યો છે.

આ સિવાય ગ્રંથાવલોકન વગેરે આ સભાના સેક્રેટરી રા. વલ્લભદાસ ત્રિભુવનદાસ તરફથી લખાયેલા છે. વાચક વર્ગને ગત વર્ષનો આટલો ઇતિહાસ નિવેદન કરવા સાથે કહેવા રજા લઇએ છીએ કે અમારી અનેક ત્રુટિઓનું પણ અમોને ભાન છે. દરેક મનુષ્ય સંપૂર્ણ હોઇ શકતો નથી. હજી અમો માસિકનું બાહ્ય તેમજ આંતર સૌંદર્ય વધારે સમૃદ્ધ કરવા ઇચ્છીએ છીએ. સચિત્ર માસિકનો યુગ ચાલે છે તે ખ્યાલમાં છે, તેમજ આંતર સૌંદર્ય જે જૈન વિદ્વાન સાક્ષરોની લેખિનીને આધીન છે તેમને વધારે ઓજસ્વી કરવા વિનંતિ કરીએ છીએ. પરંતુ અમારા આ સર્વ વિચારો ગ્રાહકવર્ગ ઉપર આધાર આધેય સંબંધથી જોડાયેલા છે. વિદ્વાન્ મુનિવરો અને લેખકો તેમજ અમારી સંસ્થા ઉપર અમીદૃષ્ટિ રાખનારા પૂજ્ય મુનિવરો ઉપર અમારી ભાવના સૃષ્ટિની ફળદ્રુપતાનો આધાર રહેલો છે. જેથી આ સર્વને તેમ કરવા નમ્ર વિનંતિ કરીયે છીયે.

અજ્ઞાન રૂપી અંધકારનો વિલય થતાં, ઉદય પામતાં ઉદયગિરિની પાછળ રહીને સૂર્ય જેમ પૃથ્વીને ઉજાળે છે. તેમ આત્માને પ્રકાશમય જગતનું ભાન થાય છે; જીવનની વિશાળતા લેખની જડ સામગ્રીથી આત્મા સાથે મેળવી નવીન આનંદ—સત્વ ઉપજાવી કાઢે તેવું સાહિત્ય પ્રસ્તુત માસિકમાં હવે પછીની અમારી મનોરથ સૃષ્ટિને અનુકૂળ પ્રકટો અને તે પ્રકટાવવામાં બાવીશમા શ્રી નેમિનાથજીના અધિષ્ઠાયક દેવ સંપૂર્ણ સહાય પ્રેરો અને જૈન જીવનને વ્યવહાર વિશુદ્ધ બનાવી અતીંદ્રિય આધ્યાત્મિક આનંદના અધિકારી બનાવો એ મંગલમય પ્રાર્થના સાથે વિરમીએ છીએ. ॐ शान्तिः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *શ્રીમદ્ દેવચંદ્રજી

## ત્હેમનું જીવન અને ગુર્જર સાહિત્ય.

**શ્રીમદ્દનું જીવન-ચરિત્ર જાણવાનાં સાધન.**

**શ્રી** જૈન ધર્મના ખરતર ગચ્છીય અધ્યાત્મજ્ઞાનગગનદિનમણિ પંડિત પ્રવર શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજના જીવનચરિત્રની રૂપરેખા તેમના વર્તમાનકાળે ઉપલબ્ધ એવા અમૂલ્ય ગ્રંથોમાં શ્રીમદે કાઢેલા વાણીના ઉદ્ગારો પરથી દોરી શકાય છે. તેઓશ્રી જૈન ધર્મના મહાન્ ઉપદેષ્ટા, અનન્ય આત્મજ્ઞાની, જૈનધર્મ-રક્ષક, ગિતાર્થ, અધ્યાત્મી મુનિવર હતા. આ જૈન તત્વજ્ઞાની, મહાન્ અલખમસ્ત કવિરત્નનું સાદ્યંત જીવનચરિત્ર, સાહિત્ય, ધર્મ કે જ્ઞાનના અનન્ય ઉપાસક તરીકેનું વૃત્તાંત, કોઈ પણ ઠેકાણેથી જોઈએ તેવા સ્વરૂપમાં ઉપલબ્ધ થતું નથી, એ જૈન ઈતિહાસના આલેખનના અભાવને આભારી અને શોચનીય છે. તેમના સમકાલીન શ્રીમદ્ જ્ઞાનસાગરજી, મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી, શ્રીમદ્ જ્ઞાનવિમળસૂરિ, શ્રીમદ્ જિનવિજયજી, શ્રીમદ્ ઉત્તમવિજયજી, શ્રીમદ્ વિનયવિજયજી, શ્રીમદ્ ઉદયરત્નજી, શ્રીમદ્ મોહનવિજયજી આદિ મહાસમર્થ વિદ્વાનો, કવિઓ, પંડિતો અનેક ગ્રંથોના રચયિતા હતા, તેમ છતાં તેમનું જીવનચરિત્ર કોઈએ સાહિત્યમાં જળવાઈ રહે તેવા પ્રબંધ તરીકે રચ્યું હોય, તેમ અદ્યાપિ નિર્ણય થયો નથી. જૈન દર્શનના મહાત્માઓ, પોતાનું ચરિત્ર પોતાની મેળે, આત્મ પ્રસંશાદિ કારણે, નહિં લખવાની પ્રણાલિકાના કારણે, તેઓના જીવનની હકીકત, તેમના શ્રીમુખથી વા લેખિનીથી કથં પ્રકટી શકે ? જો તેઓ આચાર્ય પરંપરાની પાટ ઉપર થયા હોત, તો કેટલીક હકીકત, પટ્ટ પરંપરામાં થનારા, આચાર્યોની પેઠે જાણી શકત, વા તેમના શિષ્યો જ્ઞાની થયા હોત, તો તેઓએ પોતાના ગુરૂનું જીવનચરિત્ર આલેખ્યું હોત જ, પણ તેમ બન્યું નથી. પૂર્વાચાર્યોની પાછળ થનાર તેમના શિષ્યો વા તેમના ગુણાનુરાગીઓ, પૂર્વાચાર્યોનું ઐતિહાસિક મુદ્દા આદિથી મિશ્ર જીવનચરિત્ર લખી શકે છે, પણ અસલીયાતમાં અને કૃત્રિમતામાં ભેદભાવ પ્રકટ જ રહે છે. શ્રીમદ્દના બનાવેલા અનેક અમૂલ્ય સંસ્કૃત, પ્રાકૃત તથા ગુર્જર ભાષાના ગ્રંથોની પ્રશસ્તિઓ પરથી શ્રીમદ્દનું કેટલુંક જીવનચરિત્ર જાણી શકાય તેમ છે, અને તે પરથી તેમના હૃદય વિચારના અવલોકન દ્વારા, આચારાદિ બાહ્ય ચારિત્ર, અંતરંગ સ્થિતિ, અધ્યાત્મજ્ઞાનમસ્ત દશા ઉચ્ચ કવિત્વ–વકતૃત્વ–લેખનશક્તિ અને તે પ્રસંગના બનાવોને આલેખી શકાય. પણ તેમ કરવા માટે તેમના ગ્રંથોનું પૂર્ણતયા સતત્ પરિશીલન થવું જોઈએ.

---

* રા. મણિલાલ મોહનલાલ પાદરાકરે સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં વાંચેલ નિબંધ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જીવનચરિત્ર માટે પત્ર વ્યવહાર અને શોધખોળ.**

શ્રીમદ્‌ના સંસ્કૃત પ્રાકૃત–વ્રજ–માગધી અને ગુર્જર ભાષાના ગ્રંથોની હસ્ત લિખિત દુર્મિળ પ્રતો મેળવવાનો પ્રયાસ, પ્રાતઃસ્મરણીય–અધ્યાત્મજ્ઞાની–વિદ્વાન કવિરત્ન શ્રીમદ્‌ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી એમના સદુપદેશથી, મ્હારા અધ્યાત્મજ્ઞાનરસિક પૂજ્ય પિતાશ્રી વકીલ મોહનલાલ હિમચંદ એમણે જાહેર ખબરો વડે, તથા મારવાડ, મેવાડ, જોધપૂર, બીકાનેર, જેસલમેર, કલકત્તા, અમદાવાદ, સુરત, ભરૂચ, આદિ દૂરદૂરના પ્રદેશોમાં માણસો મોકલી–પત્રવ્યવહાર કરી–ને કોઈ કોઇ સ્થળે જાતે જઇ, દ્રવ્ય વ્યયથી, લાગવગથી, ઘણી મુશ્કેલીએ દીર્ઘ સમય પ્રયત્ન કરી, મોટો સંગ્રહ મેળવ્યો. જૂદા જૂદા ભંડારોમાંથી એકજ ગ્રંથની ભિન્ન ભિન્ન પ્રતો મેળવી, તે શ્રીમદ્‌ બુદ્ધિસાગરજી મહારાજ પાસે સંશોધિત કરાવી, પોતાના અધ્યાત્મજ્ઞાનરસિક સહાધ્યાયીઓ સાથે છપાવવાનો પ્રબંધ કરી છપાવી. જે પરથી શ્રીમદ્‌નું જીવન ચરિત્ર તૈયાર કરવા મને સારી અનુકૂળતા મળી ગઇ.

**શ્રીમદ્‌ની જન્મભૂમિ.**

કેટલાક વૃદ્ધ પુરૂષોના કહેવા પ્રમાણે શ્રીમદ્‌ની જન્મભૂમિ ગુર્જરાષ્ટ્ર ( ગુર્જરત્રા)છે એમ જણાય છે. કારણ શ્રીમદ્‌ની સૌથી પ્રથમ કૃતિ સં. ૧૭૪૭ ની સાલમાં બનેલી અષ્ટપ્રકારી અને એકવીશપ્રકારી પૂજાઓમાં તે વખતની ઘરગથ્થુ ગુર્જર ભાષા વપરાયલી જણાય છે. ગુર્જર સિવાય અન્ય દેશીયની ગુજરાતી ભાષા શરૂઆતના ગ્રંથમાં આટલી સુંદર અને પૂર્ણાંશે ન હોય. ગુર્જર ભાષાના સાક્ષરો જો તે લક્ષ દઇને વાંચશે તો શ્રીમદ્‌ની શરૂઆતની કૃતિઓની ભાષામાં છંટાઈ રહેલી ઘરગથ્થુ ગુર્જર ભાષાની છાંટ જણાઇ આવ્યા સિવાય રહેશે નહીં. શ્રીમદ્‌ની ૨૧ પ્રકારી પૂજામાંની ૧૭ મી પૂજાની ભાષા જુઓ:—

ભંભા ભેરી મૃદંગ વર, તંત્રી તાલ કટુતાલ ।
ઝલ્લરિ દુંદુહિ શંખ ઇતિ, વાજિત પૂજ વિશાલ ॥
જિમ જિમ વાજિંત્ર વાજે, ગાજે અતિ ઘનઘોર ।
તિમ તિમ જિનગુણ રાચે, નાચે જ્યું ઘનમોર ॥

૧૮ મી ગીતપૂજા—

ભૈરવ વિભાસ આશાવરી, ટોડી નટ્ટ કલ્યાણ ।
ધન્યાસિરિ પમુહે સ્તવે, પૂજાગીત પ્રમાણ ॥
ગુણ રાગે શુદ્ધ રાગે, જે કરે જિન ગાન ।
જાગે અનુભવ વાસના, માગે કેવળ જ્ઞાન ॥
તાન માન સ્વર ગામની, મૂર્ચ્છના ભેદેભેદ ।
લય લાગે રૂચિ જાગે, ત્યાગે મનના ખેદ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ મી સ્તુતિપૂજા—

વ્યાકરણ કાવ્ય અલંકૃતિ, તર્ક છંદ અપભ્રંશ ।
દોષ ન દોષે સ્તુતિ કરે, સ્તુતિપૂજા ગુણ સત્ય ॥
સ્વર પદ વર્ણ વિરાજતી, ભાવતી ઉક્તિ અનૂપ ।
અતિશય ધારી ઉપગારી, અહ તસ શુદ્ધ સ્વરૂપ ॥

અષ્ટ પ્રકારી પૂજામાં તૃતીય પુષ્પપૂજા—

શત્રપત્રી વરમોગરા, ચંપક જાઈ ગુલાબ ।
કેતકી દમણો બોલસિરિ, પૂજો જિન ભરી છાબ ॥
અમલ અખંડિત વિકસીત, શુભ સુમની ઘણી જાતિ ।
લાખિણો ટોડર ઠવો, અંગિ રચી બહુ ભાતિ ॥
ગુણ કુસુમે નિજ આતમા, મંડિત કરવા ભવ્ય ।
ગુણ રાગી જડ ત્યાગી, પુષ્પ ચઢાવો નવ્ય ॥

આ ઉપરથી પ્રતીત થશે કે શ્રીમદ્‌ની વાણીમાં ઘરગથ્થુ ગુજરાતી ભાષા ચમકે છે, ને તેથીજ શ્રીમદ્‌નો જન્મ ગુર્જરરાષ્ટ્રમાં હોવાનો પૂર્ણતયા સંભવ છે. તેમજ આ મહાપુરૂષરત્નનો જન્મ પણ બ્રાહ્મણ, વણિક અગર ક્ષત્રિયના ઉચ્ચ કુળમાં થયો હોવો જોઈએ. તેમણે ગુજરાતમાં મહાન્ અધ્યાત્મજ્ઞાની ઉપાધ્યાયજી શ્રીમદ્ જ્ઞાનસાગરજી પાસે અભ્યાસ કરેલો હતો, તે વાત તેઓશ્રી પોતે ગુરૂના ગુણગાનમાં સ્પષ્ટ કથે છે કે:—

" અગણિત ગુણગણ આગર, નાગર વંદિત પાય:
શ્રુતધારી ઉપગારી, જ્ઞાનસાગર ઉવઝાય:
તાસ ચરણરજ સેવક, મધુકર પરે લયલીન !
શ્રી જિન પૂજા ગાઈ, જિનવાણી સર પીન, "
" સંવત ગુણયુગ અચલ ઇન્દુ ( ૧૭૪૩ )
હર્ષભર ગાઈઓ શ્રી જિનેંદ,
તાસ ફળ સુકૃતથી સકલ પ્રાણી,
લહો જ્ઞાન ઉદ્યોત ઘન શિવ નિશાની: "

**શ્રીમદ્‌નો જન્મ.**

શ્રી જ્ઞાનસાગરજી પ્રાય: અંચળ ગચ્છમાં થયા જણાય છે. જૈનોમાં પૂર્વે ૮૪ ગચ્છો હતા, પણ હવે તો ૫–૭ ગચ્છો જ રહ્યા જણાય છે. ને તેમાં પણ ઝાઝા ભેદભાવ નથી જણાતા. શ્રીમદ્ ખરતર ગચ્છના, તેમના વિદ્યાગુરૂ અંચળ ગચ્છના, અને તેમણે તપાગચ્છના મહાન્ ધુરંધર પંડિતોને ભણાવ્યા છે. આ પરથી શ્રીમદ્‌ના ગચ્છભેદની બાબતના વિચારોની વિશાળતાની પ્રતીતિ થાય છે.

શ્રીમદે ૧૭૪૩ ની સાલમાં પ્રથમ ગ્રંથ લખ્યો, ને તે ગ્રંથ તે અષ્ટપ્રકારી પૂજા. તે વખતે તેમની ઉમર ઓછામાં ઓછી બાવીશ વર્ષની હોવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે તેમનો જન્મ સં. ૧૭૨૦ ની સાલ લગભગ સંભવે છે અને દીક્ષા સં. ૧૭૩૨ લગભગમાં સંભવે છે. આ પ્રમાણે તો શ્રીમદ્ દીક્ષા લીધા બાદ ૧૧ વર્ષે અને જન્મથી ત્રેવિશ વર્ષે ગ્રંથ રચવાને સમર્થ થયેલા હોવા જોઈએ. તેમજ તેમનો ગૃહસ્થાવાસ લગભગ ૧૨ વર્ષનો હોઇ શકે.

**દીક્ષા.**

શ્રીમદે ખરતર ગચ્છના પાઠક દીપચંદ્રજી પાસે દીક્ષા લીધી હતી. આ ગચ્છમાં મહાપ્રતાપી શ્રી જિનચંદ્રસૂરિ, ત્હેમના શ્રી પુણ્યપ્રધાનોપાધ્યાય, ત્હેમના સુમતિસાગરોપાધ્યાય, ત્હેમના રાજસાગર, તેમના જ્ઞાનધર્મ પાઠક થયા, અને ત્હેમના શિષ્ય રાજહંસ અને દીપચંદ્રજી થયા. એ શ્રીમાન્ ઉપાધ્યાયજી દીપચંદ્રજી પાસે શ્રી દેવચંદ્રજીએ દીક્ષા લીધી હતી.

**વિહાર.**

દીક્ષા લીધા બાદ તેઓશ્રી ગુજરાત, કાઠીયાવાડ અને મારવાડમાં વિચર્યા હોય તેમ જણાય છે. શ્રીમદ્‌નો ગુર્જર ગિરાપરનો કાબુ ઘણો સારો હતો. સં. ૧૭૬૬ ની સાલમાં તેઓએ પંજાબ ( મુલતાન ) માં ધ્યાનદિપીકાચતુષ્પદી બનાવી, તે પણ ગુજરાતીમાં જ બનાવી છે. એથી જણાઈ આવે છે કે, શ્રીમદ્ ગુર્જરરાષ્ટ્રીય જ હોવા જોઈએ. ધ્યાનચતુષ્પદીની થોડીક વાનગી:—

" સંસ્કૃત વાણી પંડિત જાણે, સરવ જીવ સુખદાણીજી ॥
જ્ઞાતા જનને હિતકર જાણી, ભાષારૂપ વખાણીજી ॥
સંવત લેશ્યા રસને વારો ( ૧૭૬૬ ) જ્ઞેય પદાર્થ વિચારોજી ॥
અનુપમ પરમાતમ પદ ધારો, માધવ માસ ઉદારોજી ॥
ખરતર આચારજ ગચ્છ ધારી, જિણચંદ્રસૂરિ જયકારીજી ॥
તસુ આદેશ લહી સુખકારી, શ્રી મુલતાન મઝારીજી ॥
ધ્યાનદિપીકા એહવા નામો, અરથ અછે અભિરામોજી ॥
રવિશશિ લગિ થિરતા એ પામો, દેવચંદ્ર કહે આમોજી ॥

આ ભાષાપરથી સહજ પ્રતીત થાય છે કે, શ્રીમદ્ લાંબો વખત ગુજરાતમાં રહેલા, ગુજરાતમાં જન્મેલા અને ગુર્જરભાષા પર તેમનો કાબુ ઉત્તમ હોવા ઉપરાંત ભાષા કિલષ્ટતા-કઠોરતા વિનાની, સરળ ને ભાવવાહી છે.

**શ્રીમદ્‌ની વ્રજ ને માગધી ભાષાની પ્રવિણતા.**

ગુજરાતમાંથી વિહાર કરી શ્રીમદ્ મારવાડ ગયા. ત્યાં તેઓએ ચાતુર્માસ કર્યું ને ત્યાંથી જેસલમેર થઈ પંજાબ તરફ વિચર્યા હોય તેમ જણાય છે. પંજાબમાં તે વખતે જૈન વણિકોની ઘણી વસ્તી હોવી જોઈએ. ૧૭૬૬ ના વૈશાખ માસમાં ધ્યાનદિપીકા ચતુષ્પદી ( મુલતાનમાં ) અને ૧૭૬૬ ના પોષ માસમાં દ્રવ્યપ્રકાશ વ્રજ ભાષામાં બનાવ્યો. આ ગ્રંથ વિકાનેરમાં-સવૈયા છંદમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રચ્યો છે. **ધ્યાનદિપીકા**ની વાનગી તો આપણે જોઈ ગયા, હવે શ્રીમદ્‌ની વ્રજ-ભાષાની બાની તરફ વળીયે—

પરમાત્મ સ્વરૂપ કથન. સવૈયા.

શુદ્ધ બુદ્ધ ચિદાનંદ, નિરધ્વંદ્વ ભિસુકુંદ,
અફંદ અમોઘ કંદ, અનાદિ અનંત હે.
નિરમલ પરિબ્રહ્મ પૂરન પરમજ્યોતિ,
પરમ અગમ અકીરિય મહાસંત હે.
અવિનાશી અજ, પરમાત્મા સુજાન,
જિન નિરંજન અમલાન સિદ્ધ ભગવંત હે.
એસો જીવ કર્મ સંગ, સંગ લગ્યો જ્ઞાન ભુલી,
કસ્તુર મૃગ જ્યું, ભૂવનમેં રહેત હે.

ગ્રંથ મહિમા વર્ણન.

પરસુ પ્રતિત નાહિં, પૂણ્ય પાપ ભીતિ નાહિં,
રાગ દ્વેષ રીતિ નાહિ, આતમ વિલાસ હે:
સાધકકો સિદ્ધિ હે બુજવે કુબુદ્ધિ હે કી,
રીઝવે કો રિદ્ધિ જ્ઞાન, ભાનકો વિકાસ હે:
સજ્જન સુહાય હુજ, ચંદ જ્યું ચઢાવ હે કી,
ઉપસમ ભાવે યામે, અધિક ઉલ્લાસ હે:
અન્ય મત સૌ અફંદ, બંદત હે દેવચંદ,
એસે જૈન આગમમેં, દ્રવ્ય કો પ્રકાશ હે:

સંવત કથન.

બિક્રમ સંવત માનયહ, ભય લેશ્યાકે ભેદ,
શુદ્ધ સંયમ અનુમોદિકે, કરી આસ્રવકો છેદ. ( ૧૭૬૭ )

આ ઉપરથી શ્રીમદ્‌નો વિહાર પંજાબ અને સરહદ સુધી થયો હોવો જોઇએ. પંજાબ તરફથી વિહાર કરી, સિંધ વિગેરે થઇ, મોટા કોટમરોટ ( મારવાડ ) માં તેઓએ ચાતુર્માસ કર્યું જણાય છે. અહિં તેમણે સં. ૧૭૭૬ ફાલ્ગુન માસમાં તેમના સ્હાયક મિત્ર દુર્ગાદાસના આત્મકલ્યાણ અર્થે **આગમસારોદ્ધારની** રચના કરી છે. **આગમસારોદ્ધારનો** ઉપસંહાર કરતાં શ્રીમદ્ કથે છે:—

કર્મરોગ ઔષધ સમી, જ્ઞાનસુધા રસવૃષ્ટિ;
શિવ સુખામૃત સરોવરી, જય જય સમ્યગ્‌દ્રષ્ટિ.

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાસ શિષ્ય આગમ રૂચિ જૈન ધર્મકો દાસ;
**દેવચંદ આનંદમેં**, કીનો ગ્રંથ પ્રકાશ;
આગમસારોદ્ધાર યહ, પ્રાકૃત સંસ્કૃત રૂપ;
ગ્રંથ કીનો **દેવચંદ** મુનિ, જ્ઞાનામૃત રસ કૂપ;
કર્યો ઇહાં સહાય અતિ, દુર્ગાદાસ શુભ ચિત્ત;
સમજાવન નિજ મિત્તકુ, કીનો ગ્રંથ પવિત્ર;
સંવત સિત્તર છિહત્તરે, મન શુદ્ધ ફાગુન માસ;
મોટે કોટ મરોટમેં, વસતાં સુખ ચોમાસ;

**પ્રાકૃત–માગધી ભાષા.**

મારવાડથી વિહાર કરીને તેઓ ગુજરાત તરફ આવ્યા જણાય છે સંવત ૧૭૯૬ માં જામનગર ( નવાનગર ) માં કાર્તિક શુદ એકમે **વિચારસાર** નામે ગ્રંથ અને શુદી પંચમીએ **જ્ઞાનમંજરી**[1] પૂર્ણ કર્યાં જણાય છે. **વિચારસાર** માગધીમાં–સંસ્કૃત ટીકા સાથે મહાન ગહન ગ્રંથ છે. તેના ઉપસંહારમાં શ્રીમદ્ કથે છે કે:—

जा जिणवाणी विजयइ, ताव थिरं चिट्ठउइमं वयणं ।
नूतण पूरम्मि इयं, देवचंदेण नाणट्ठं ॥
रसनिहीसंजमवरिसे, सिरीगोयम केवलस्य वरदिवसे ।
आयत्थं उद्धरियो, समय समुद्दाओरुद्दाओ ॥

રસ ૬ નિધિ ૯ સંયમ ૧૭ એટલે ૧૭૯૬ ના વરસે શ્રી ગૌતમ કેવળજ્ઞાન પામ્યા, તે દિવસે એટલે કારતક શુદ–૧ ના રોજ આત્મબોધ અર્થે ઉદ્ધર્યો.

**જ્ઞાનમંજરી ટીકા.**

**મહામહોપાધ્યાયજી શ્રીમદ્** યશોવિજયજી મહારાજે શ્રી **જ્ઞાનસાર** સૂત્ર સંસ્કૃતમાં બનાવ્યું છે, જેનું નામજ જ્ઞાનસાર છે. તે પરથીજ તેમાં શું ભર્યું હશે તેનો ખ્યાલ વિદ્વાન વાંચકને સહેજે આવી શકશે જ. **આ જ્ઞાનસાર** સૂત્ર **અષ્ટક** કહેવાય છે, કારણ તેના આઠ આઠ શ્લોકના ૩૨ વિભાગ પાડી જૂદા જૂદા વિષયો જ્ઞાન વિષયક તેમાં અત્યંત ખુબીથી ચર્ચ્યા છે. આ ઘણો કઠિન વિષય હોઈ તેનાપર શ્રીમદે સંસ્કૃતમાં જ ટીકા લખી છે, જેનું નામ **જ્ઞાનમંજરી** ટીકા રાખ્યું છે. શ્રીમદ્‌ને **શ્રીમદ્** યશોવિજયજી માટે કેટલું બધું બહુમાન હશે ? તેમજ ટીકાકાર તરીકેની તેમની કેટલી શકિત હશે ? એનો ખ્યાલ તો **જ્ઞાનમંજરીનો**–જ્ઞાનાસ્વાદ લીધા સિવાય–કલમથી ભાગ્યેજ વર્ણવી શકાય. જેમ **જ્ઞાનસારના ૨૫૬** શ્લોકોમાં, શ્લોકે શ્લોકે **અદ્દભુત** જ્ઞાનરસ **ટપકે છે**, તેથી પણ વધુ મસ્ત બનાવી **નાંખનાર આ જ્ઞાનમંજરીનાં પરિમળ છે. નયનિક્ષેપભંગપ્રમાણ**

---

૧ શ્રી યશોવિજયોપાધ્યાય વિરચિત જ્ઞાનસારની ટીકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુક્ત આ **જ્ઞાનસાર અને જ્ઞાનમંજરીનો** રસાસ્વાદ મનુષ્યને **અક્ષય સુખ આપ**-નાર હોવાથી વધુ સુન્દર અને અમૂલ્ય છે.

આથી જણાય છે કે શ્રીમદ્ સં. ૧૭૬૬ માં ગુજરાત તરફ આવેલા અને ગુર્જરરાષ્ટ્રમાં રહેલા. આ સમય દરમીયાન, એટલે ૧૭૭૦ પછી તેઓશ્રી પં. જિનવિજયજીને ભણાવવા પાટણ આવ્યા. બાદ સં. ૧૭૭૫ પછી મોટાકોટ-મરોટ ગયેલા સંભવે છે.

**શ્રીમદે પં. જિનવિજયજી તથા પં. ઉત્તમવિજયજીને કરાવેલો અભ્યાસ.**

શ્રીમદ્ સિદ્ધાંતોના પારગામી, પરમ જ્ઞાતા, મહા પ્રખર પંડિત અને સમદૃષ્ટિવાળા હતા. પોતે ખરતર ગચ્છનાં હોવા છતાં શ્રીમદ્ ખીમાવિજયજીએ જ્યારે પોતાના શિષ્ય જિનવિજયજીને વિશેષાવશ્યક ( એક ગહન તત્વજ્ઞાનનો મહાન ગ્રંથ ) ભણાવવા પાટે પાટણ આવવા આમંત્રણ કર્યું ત્યારે તેઓ તુર્તજ ત્યાં ઉપકાર બુદ્ધિથી પ્રેરાઇને ગયા ( સં. ૧૭૭૦ થી ૧૭૭૫ સુધી ) તેની સાક્ષી આ પ્રમાણે:—

શ્રી જ્ઞાનવિમળસૂરિજી કન્હે, વાંચી ભગવતી ખાસ;<br>
મહાભાષ્ય અમૃત લહ્યો. દેવચંદ્ર ગણિ પાસ.

શ્રી જિનવિજયજીના શિષ્યરત્ન ઉત્તમવિજયે દીક્ષા લીધા બાદ તેમણે ગુરૂ સાથે સંવત ૧૭૯૯ માં પાદરામાં ( લેખકના ગામમાં ) ચોમાસું કર્યું હતું અને એજ સાલમાં શ્રાવણ શુ. ૧૦મે જિનવિજયજીએ ભગવતી સૂત્ર વાંચતા વાચતાં જ પાદરામાં જ દેહોત્સર્ગ કર્યો હતો, અને જ્યાં તેમને અગ્નિદાહ દીધેલો ત્યાં તળાવ કાંઠે તેનો સ્મરણસ્તંભ ( દેરી ) અદ્યાપિ તેની સાક્ષી પુરી રહેલ છે. ત્યારબાદ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં તેમણે ભાવનગરમાં ચોમાસું કર્યું, જ્યાં શ્રીમદ્‌ને અભ્યાસ કરાવવા બોલાવ્યા હતા—

ભાવનગર આદેશે રહ્યા, ભવિહિત કરે મારા લાલ.<br>
તેડાવ્યા દેવચંદ્રજીને, હવે આદરે મારા લાલ.<br>
વાંચે શ્રી દેવચંદ્રજી પાસે, ભગવતી મારા લાલ;<br>
પન્નવણા અનુયોગદ્વાર, વળી શુભમતિ મારા લાલ.<br>
સર્વ આગમની આજ્ઞા દીધી, દેવચંદ્રજી મારા લાલ;<br>
જાણી યોગ્ય ગુણગણના વૃંદજી મારા લાલ.

શ્રી ઉત્તમ વિજય નિર્વાણ રાસ.

૧૮૦૩ માં શ્રીમદ્ ભાવનગરમાં હતા. તત્પશ્ચાત્ સુરત જઇ કચરા કીકાના શત્રુંજયના સંઘમાં યાત્રાર્થે ગયા. ભાવનગરથી પં. ઉત્તમવિજયજી પણ એક સંઘમાં શત્રુંજય યાત્રાર્થે આવ્યા. ૧૮૦૪ માં શ્રીમદે સંઘવીના સ્તવનમાં લખ્યું છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંવત અઢાર ચિડોતેર વરસે, સિત મૃગસિર તેરસીયે !
શ્રી સુરતથી ભકિત હરખથી, સંઘ સહિત ઉલ્લસીયે !
કચરા કીકા જીનવર ભકિત, રૂપચંદ ગુણવંતજીએ.
શ્રી સંઘને પ્રભુજી ભેટાવ્યા, જગપતિ પ્રથમ જીણંદજીએ.
જ્ઞાનાનન્દિત ત્રિભુવન વન્દિત, પરમેશ્વર ગુણભીના !
દેવચંદ્ર પદ પામે અદ્દભુત, પરમ મંગળ લયલીના !

આ પ્રમાણે શ્રીમદ્દના વિહાર ને ચાતુર્માસ ગુજરાત, કચ્છ, કાઠીયાવાડ, લાટ, મારવાડ, સિંધ, પંજાબ આદિ દેશોમાં થયાં હતાં.

**પ્રતિષ્ઠાઓ.**

સં. ૧૭૯૪માં શ્રીમદે શત્રુંજય પર્વતપર પ્રતિષ્ઠા કરાવી છે એમ શિલાલેખ પરથી જણાયાનું શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇ જણાવે છે તેમજ તેમના ગુરૂની સાથે ૧૭૮૮ માં શત્રુંજયપર કુંથુનાથજીની પ્રતિષ્ઠા વખતે શ્રીમદ્ હાજર હતા. તથા અમદાવાદમાં સહસ્રફણાની પ્રતિષ્ટા વખતે તથા સમવસરણની પ્રતિષ્ઠા વખતે હાજર હતા. તેમજ લીંબડીના દેરાસરના મૂલ નાયકની બે બાજુએ બે દેરીઓની પ્રતિષ્ઠા તેમણે કરાવી હતી. આટલું ઉપલબ્ધ સાહિત્ય જણાવે છે. બાકી અન્ય સ્થળની પ્રતિષ્ઠાઓ કે જે અપ્રકટ છે તેવી અપ્રસિદ્ધ અનેક હોવા સંભવ છે.

**શ્રીમદ્દની મહત્તા, પ્રતિષ્ઠા અને વિદ્વતા**

શ્રીમદ્ જૈન આગમોના પારગામી હતા. તેમણે અનેક સ્થળોના વિદ્વાન શ્રાવકોએ પૂછેલા દ્રવ્યાનુયોગ જેવા ગહન વિષયોના પ્રશ્નોના ઉત્તરો સરલપણે સત્વર અને સંતોષકારક રીતે આપ્યા છે. **પ્રશ્નોત્તર** નામે શ્રીમદ્દનો ગ્રંથ તેની સાક્ષી પૂરે છે. તે સમયના વિદ્વાનોમાં તેમની મહત્તા, પ્રતિષ્ઠા તથા વિદ્વત્તા ઘણી સારી રીતે ચોપાસ વિસ્તરેલાં હતાં. ખરતર ગચ્છમાં તે વખતે તેમના સમાન કોઇ વિદ્વાન હોય, એમ તત્કાલીન ગ્રંથો અવલોકતાં અવબોધાતું નથી. તપાગચ્છના સંવેગી સાધુઓમાં પણ તેમની મહત્તા ઘણી હતી. તેમજ મહત્તામાં વૃદ્ધિ કરનાર આત્મગુણો વડે શ્રીમદ્ વિભૂષિત પણ હતાજ. તપાગચ્છના સંવેગી વિદ્વાનો પૈકી પં. જીનવિજયજી તથા પં. ઉત્તમવિજયજી જેવા પંડિતો–વિદ્વાનો–કવિઓ અને જ્ઞાનીઓના તેઓ વિદ્યાગુરૂ હતા. તપાગચ્છ અને ખરતર તથા અંચળગચ્છના વિદ્વાન મુનિવરોમાં ઘણો પ્રેમભાવ હોઇ, શ્રીમદ્દની ગુણાનુરાગ–દષ્ટિ–સમભાવવિદ્વતા અને આત્મજ્ઞાનની અદ્દભુતતાને લીધે સર્વે ગચ્છોના સાધુઓમાં તેમની મહત્તા, પ્રતિષ્ઠા અને વિદ્વતાની ખ્યાતિ તેમની હયાતીમાંજ ઘણાં વધ્યાં હતાં. શ્રીમાન્ પં. પદ્મવિજયજી કે જેઓ પંચાવન હજાર ગાથાના રચયિતા પદ્મદ્રહ તરીકે પ્રસિદ્ધ છે તે, શ્રી ઉત્તમવિજયજી નિર્વાણ રાસમાં કથે છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરતરગચ્છ માંહે થયારે, નામે શ્રી દેવચંદરે !
જૈન સિદ્ધાંત શિરોમણિરે લોલ !
ધૈર્યાદિક ગુણવૃંદરે ! દેશના જાસ સ્વરૂપનીરે લોલ !

ઇત્યાદિથી **શ્રીમદ્‌ની વિદ્વત્તાની તથા સાધુ તરીકેની મહત્તાની સ્તુતિ કરી છે.** તપાગચ્છમાં **શ્રી પદ્મવિજયજી** પંન્યાસની પ્રતિષ્ઠા ઘણી છે. શ્રીમદ્‌નો તેમણે સંસારીપણામાં ( પુંજાશા તરીકે ) તથા સાધુપણામાં ઘણો સમાગમ કરેલો હતો. તેઓએ શ્રીમદ્‌નો સ્વાનુભવ કર્યા બાદ શ્રીમદ્‌ને **જૈનસિદ્ધાંતશિરોમણિ** એવા પદથી નવાજ્યા છે તથા **ધૈર્યાદિકગુણના વૃંદ** તરીકે પ્રકાશી, તેમની **દેશના** ( ઉપદેશ ) **સ્વરૂપની** અર્થાત્ આત્મસ્વરૂપને પ્રકાશનારી છે, એમ પ્રતિપાદન કર્યું છે. **સંવેગપક્ષિ મણિશેખર પં. પદ્મવિજયજી** જેવા મહાન્ વિદ્વાન અને ગુણાનુરાગીએ શ્રીમદ્‌ની પ્રતિષ્ઠા–વિદ્વતા અને મહત્તાની આ રીતે વિશ્વમાં અમર ખ્યાતિ કરી છે. —ચાલુ.

# " ઐતિહાસિક નોંધ. "

લે૦ વિહારી મુનિ.

## પાર્શ્વ-નિર્વાણ સંવત.

સંવત—૧૭૦—સુધર્મા સ્વામીનો જન્મ.
,, —૧૭૮—જ્ઞાત નંદન **મહાવીર** પ્રભુનો જન્મ.
,, —૨૩૪—ગૌતમ બુદ્ધ ( બુદ્ધકીર્ત્તિ ) નું અવસાન.
,, —૨૫૦—વિશ્વોપકારિ પ્રભુ **મહાવીરનું** નિર્વાણ.

## મહાવીર નિર્વાણ સંવત.

સંવત—૧ —જમ્બુસ્વામી ને પ્રભવસ્વામીની દિક્ષા–અવન્તિમાં ચન્ડપ્રદ્યોતનના પૌત્ર **પાલકનો** રાજ્યાભિષેક.
,, —૨૩ —ભદ્રેશ્વર ( કચ્છ ) માં **શ્રી પાર્શ્વનાથની** પ્રતિષ્ઠા.
,, —૬૦ —**પાલકની** ગાદીનો ઉચ્છેદ–ને **નવનંદનો** રાજ્ય સ્થાપન કાળ.
,, —૬૦ થી ૨૧૯—પાણીનિ **વ્યાકરણનો** રચનાકાળ અને **કાત્યાયનિ** ને નંદના મંત્રીત્વનો સ્વિકાર.
,, ૬૨ થી ૧૪૮—**યશોભદ્ર** સૂરિની હૈયાતિ.
,, —૬૪ —**જમ્બુ** સ્વામીનું મોક્ષગમન. દશ વસ્તુનો વિચ્છેદ.
,, —૭૦ —**રત્નપ્રભસૂરિના** ઉપદેશથી ઓસવાલ ને શ્રીમાલોની ઉત્પત્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



,, —૭૦ —અચરપુર છાવણીથી ૬ કોષ દૂર કોરંટા ગામમાં રહેલ **વીર પ્રભુની** પ્રતિષ્ઠા.
,, ૯૪ થી ૧૭૦—**ભદ્રબાહુ** સ્વામીની હૈયાતિ.
,, ૧૧૬ થી ૨૧૫—( તત્વાદર્શકનો મત ) સ્થુલીભદ્રની હૈયાતિ.
,, ૧૨૦ થી ૨૧૯—( પીટ્સર્નના રિપોર્ટનો મત ) સ્થુલીભદ્રની હૈયાતિ.
,, ૧૬૨—વિશાખાચાર્ય દશપૂર્વી ( દીગંબર મતે )
,, ૨૧૯—સ્થુલીભદ્ર સ્વર્ગારોહણ ( પીટ્સર્નનો રીપોર્ટ ) નવનંદના રાજ્યનો નાશ. **ચંદ્રગુપ્તને**ા પાટલીપુત્રમાં રાજ્યાભિષેક ને તેને દુર્દશ નામની રાણી હૈયાત હતી.
,, ૨૩૫—**ચંદ્રગુપ્તનું** મૃત્યુ. **બિન્દુસારને** પાટલીપુત્રની ગાદી મળી તેને ૧૬ રાણી અને ૧૦૧ પુત્ર હતા તેમાં **અશોક** મુખ્ય હતો.
,, ૨૩૫—કાત્યાયનિ ટીકાકાર **પાતંજલીની** હૈયાતિ,
,, ૨૩૫—ભવિષ્ય પુરાણ, વાયુપુરાણ, મત્સ્ય પુરાણ ભાગવતાદિક પૂરાણ બન્યા.
,, ૨૬૩—બિન્દુસારનું મૃત્યુ, અશોકનો રાજ્યાભિષેક તેને અસંધિમિત્રા નામની રાણી હતી.
,, ૨૯૨—નિગ્રન્થ ગચ્છનું કોટિગચ્છ નામ પડયું.
,, ૩૦૫—અશોકનું મૃત્યુ, સંપ્રતિ રાજ્યારોહણ. આ રાજા શ્રેણિકની ૧૭ મી પાટે હતો.
,, ૩૨૩ વા ૩૨૭—માં ચંદ્રગુપ્તના મૌર્યવંશનો ઉચ્છેદ ને સંપ્રતિનું મૃત્યુ, પુષ્પમિત્રનું પાટલીપુરની ગાદીએ આવવું.
,, ૩૩૬—ચોથની સંવત્સરિ કરનાર કાલિકાચાર્યનો જન્મ. ( આ નોંધ પીટ્સર્નના રિપોર્ટમાં છે. પણ આ વાત (જન્મ નોંધ)સંશયાત્મક છે.)
,, ૩૫૩—પાટલીપુરની ગાદીએ બાલમિત્ર ને ભાનુમિત્ર આવ્યા.
,, ૪૧૩—મગધની ગાદીએ ' નભવાહન ' આવ્યો.
,, ૪૫૩—ગર્દભિલ્લોત્થાપક, નિગોદ વ્યાખ્યાના કર્તા કાલિકાચાર્યની હૈયાતિ, આર્ય ખટપુટાચાર્યનો વિદ્યમાન કાળ, અવન્તિની ગાદીએ ગર્દભિલ્લનું આવવું.
,, ૪૬૬—અવન્તિની ગાદી શકરાજાએ ગર્દભિલ્લ પાસેથી હસ્તગત કરી.
,, ૪૭૧—વિક્રમાદિત્યે શકોને હરાવ્યા, આ અરસા પછી યાજ્ઞવલ્કલ્યસ્મૃતિનો રચના કાળ અને કનિષ્ક સંવતના ઉત્પત્તિ સંભવે છે.

## " વિક્રમ સંવત "

સંવત ૨૬ થી ૧૧૪—**શ્રી વજ્રસ્વામીની** હૈયાતિ.
,, ૩૦—**શ્રી સિધ્ધસેનદિવાકરનું** સ્વર્ગગમન.

( ચાલુ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



,, ૪૯ થી ૧૨૩—કુંદકુંદાચાર્ય ( દીગમ્બરી ) વિદ્યમાન હતા.
,, ૫૭—ઈસ્વી સનનો પ્રારંભ. મહાવીર પછીથી ૫૨૭ વર્ષે પ્રારંભ થયો.
,, ૬૩—આર્યરક્ષિત સૂરિયે ચાર અનુયોગ બનાવ્યા.
,, ૭૪—રોહગુપ્તથી ત્રૈરાશીક મતની ઉત્પત્તિ વૈશેષિક દર્શનની સ્થાપના.
,, ૮૩—પ્રોવીન્ઝ નામ હોબાની જૈન પ્રતિમાની બનાવટ.
,, ૯૨—મથુરામાંથી મળેલ મહાવીર પ્રતિમાની બનાવટ.
,, ૧૦૮—જાવડશાહે શત્રુંજયનો તેરમો ઉધ્ધાર કર્યો.
,, ૧૧૪—વજ્રસ્વામીનું સ્વર્ગગમન, દશમા પૂર્વાદિનો વિચ્છેદ કાળ.
,, ૧૨૩—કુન્દકુન્દાચાર્ય ( દિગમ્બરી મતે ) નું સ્વર્ગગમન.
,, ૧૨૫ થી ૧૩૫—જલૌપુરના સ્વર્ણગિરિ શિખરે યક્ષ વસતિ મહાવીર પ્રતિમા–મંદિરની પ્રતિષ્ઠા.
,, ૧૩૫—મહાવીર નિર્વાણ પછી ૬૦૫ વર્ષે શક સંવત પ્રવર્ત્યો.
,, ૧૩૯—રથવીર નગરમાં દિગમ્બર મતોત્પતિ.
,, ૧૫૦—કોટિગચ્છનું ચંદ્રગચ્છ નામ પડયું. ત્યારપછી આ ગચ્છ સામન્તભદ્રસૂરિથી વનવાસી ગચ્છના નામે પ્રસિધ્ધ થયો.
,, ૨૦૨—ભિન્નમાળમાં સોલંકી અજીતસિંહ રાજા હતો.
,, ૨૧૩—દિગમ્બર સિધ્ધાન્ત પુસ્તકારૂઢ થયા.
,, ૨૧૭—લોહાચાર્યે અગ્રહી લોકોને જૈની બનાવ્યા.
,, ૩૧૪—મલ્લવાદી સૂરિએ શિલાદિત્યની સભામાં બૌધ્ધોનો પરાજય કર્યો. બૌધ્ધોને હિન્દુસ્તાન છોડી ચાલ્યા જવું પડયું.
,, ૩૭૫—વલ્લભીપુરનો ધ્વંસ અને વલ્લભી સંવતનો પ્રારંભ.
,, ૪૧૨—ચૈત્યવાસી ગચ્છનો પ્રારંભ. ( વીર વંશાવલી )
,, ૪૨૮—અનંગપાળ તુંઅરે દિલ્હીની સ્થાપના કરી. ( વીર વંશાવલી )
,, ૪૫૩—આર્યષટપુટાચાર્યનો વિદ્યમાન કાળ.
,, ૪૫૬—(સને ૩૯૯)માં હવાત્સાંગ નામનો ચીની મુસાફર હિન્દમાં આવ્યો હતો.
,, ૫૦૩—ભિન્નમાળમાં સિંહરાજા હતો
,, ૫૦૫—હુણ સંવતનો પ્રારંભ થયો.
,, ૫૧૦—વલ્લભીપુરમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે જૈનાગમ પુસ્તકારૂઢ કર્યાં.
,, ૫૨૩—( સં. ૯૯૩ ) માં કાલીકાચાર્યે ચોથની સંવત્સરી કરી. ( જુઓ વીર નિર્વાણ ૩૩૬ પીટર્સનના રિપોર્ટમાં છે. સત્ય બીના બીજા ગ્રન્થોથી તપાસવી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



,, ૫૩૦—દેવર્ધિગણી ક્ષમાશ્રમણનો સ્વર્ગગમન અને પૂર્વવિચ્છેદનો કાળ.

,, ૫૨૫ થી ૬૨૫ ( સન ૫૦૦ થી ૬૦૦ ) માં વિક્રમાર્કના બીરૂદવાળો રાજા થયો જેની સભામાં નવ પંડિતરત્નો હતા. જે પરથી વરાહમીહિરનો કાળ ઇ. સ. ૫૮૭ નો ઠરાવાય છે.

,, ૫૩૦—સત્યમિત્ર સાથે પૂર્વજ્ઞાનનો વિચ્છેદ થયો.

,, ૫૩૮—પુર્ણિમા ગચ્છની ઉત્પત્તિ.

,, ૫૮૫—હરિભદ્રસૂરિનું સ્વર્ગારોહણ.

,, ૬૦૧—સમ્મતિ તર્કકાર મલ્લવાદિજીની હૈયાતિ. ( વીર વંશાવલી. )

,, ૬૦૯—( રોયલ એશીઆટીક સોસાઇટીનો સને ૧૮૮૪-૮૬ રિપોર્ટ પૃષ્ઠ ૪ ) માં ગીરનાર પર રત્નશાહે સ્વર્ણમંદિરમાં રત્નપ્રતિમા સ્થાપી

,, ૬૩૯—હીજરી સન પ્રવર્ત્યો.

,, ૬૯૭—( સને ૬૪૦ ) માં ફાહિયાન હિન્દમાં આવ્યો. આ વખતે ગીઝની કાબુલ સહિત હિન્દમાં ૮૦ રાજ્યો હતા.

,, ૭૧૩—સ્વાતિસૂરિના ઉપદેશથી જાલોરનો સોલંકી રાજા કાન્હડદે જૈન થયો.

,, ૭૨૩ ( ૯૯૪ )—૮૪ ગચ્છ થયા.

,, ૭૧૯—માં જયન્ત અને વિજયન્ત ભાઇઓ ભિન્નમાળની ગાદીએ આવ્યા.

,, ૭૨૩—મા. શુ. ૧૦ ગુરૂ વિજયન્તે શંખપુરમાં બૃહત્‌ગચ્છીય સર્વદેવસૂરિ પાસે જૈનધર્મ ગ્રહણ કર્યો.

,, ૭૨૪—( ઇ. ૯૯૫ ) શંખેશ્વરમાં સોલંકી સાંખ્ય કુમાર રાજ્યગાદીએ હતો.

,, ૭૩૦—સ્વાતિ આચાર્યે પુર્ણિમાને બદલે ચતુર્દશીની પાખી કરી.

,, ૭૭૫—ચૈ. શુ૦ ૭ વર્ધમાનપુરમાં કુળપરંપરાનો ઇતિહાસ લખવાની શરૂઆત થઇ. ને ભાણરાજાના કાળમાં કુળગુરૂની મર્યાદા બંધાઇ.

,, ૭૯૫—ભિન્નમાળમાં શંખેશ્વર ગચ્છીય ઉદયપ્રભસૂરિએ ક્રોડપતિ બાસઠ શેઠીઆઓને જૈન બનાવ્યા ને શ્રીમાળી ગોત્ર સ્થાપ્યું.

,, ૭૯૫—ફા. શુ. ૨ ભિન્નમાળમાં શંખેશ્વર ગચ્છીય ઉદયપ્રભસૂરિએ પ્રાગ્વાટ બ્રાહ્મણોને જૈન મતાવલંબી બનાવી પોરવાડ ગોત્ર સ્થાપ્યું.

,, ૭૯૫—આ વખતે ભિન્નમાળની ઘણી જાહોજલાલી હતી. જેમાં વધા શેઠ આદિ અનેક ક્રોડાધિપતિઓ વસતા હતા. ( ચાલુ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

# "વિશ્વ રચના પ્રબન્ધ"

श्री सुरेंद्र तति मौलि पूजितं केवलद्युतिं
इंडे जन्मजरामृत्युघातकं दिव्य वाक्यतिम् ॥ १ ॥
ध्वस्तमिथ्याविवादाय शुद्धगुणाब्धये नमः
श्रीमच्चारित्रविजय पूज्यपादायध्याप्तये ॥ २ ॥
जीयात् सुधर्मागमरत्नराशिः मिथ्यातमोघ्नश्चटुल प्रकाशः
तस्मात् समाकृष्य तथैकरत्नं कुर्वे शुभं विश्वकृतिप्रबंधं ॥ ३ ॥

## નિવેદન ૧ લું.

સુજ્ઞો ! જગતમાં વર્તમાન કાળે તપાસીયે તો લોક સમુદાયમાં નવીન રાજ્યના ને ભાષાના સંયોગે નવીન પ્રગતિને પામેલો જડવાદ પ્રવાહ અતિ ગહન વેગને હિલોળી રહ્યો છે, આર્થિક પ્રાપ્તિના ને સુખ–ચમનના સાધનોમાં મશગુલ બની ખુંચી રહેલા પ્રત્યક્ષ જડવાદ ને વિજ્ઞાનવાદ સમજી મહત્ત્વનો માની, મહા આર્ય ચૈતન્ય વાદીયોના વચન વિલાસ તપાસ્યા વિનાજ ભૂતકાળ કરતાં ચાલુ જમાનામાં અધિક જ્ઞાન શક્તિઓ પ્રગટી છે એમ નિશ્ચય કરી, જ્ઞાન સાધનોને વધારે દૂર મુકતા જાય છે. તેમજ ખગોળના વિષયમાં સત્યાસત્ય શું છે તે જાણવાની ઇચ્છા ધરાવનારી વ્યક્તિઓ અલ્પ દેખાય છે. આ સમયે મને પ્રશ્ન થાય છે કે—આ વિશ્વની રચના કયારે થઇ ? આ પ્રશ્નનો મારે મારી બુદ્ધિમાં કેળવાયેલો સત્ય ઉત્તર દેવોજ જોઇએ, તેમજ મહાત્મા ચૈતન્યવાદિયોયે આપણે માટે તૈયાર રાખેલા સાધનોનો ઉપયોગ પણ થવો જોઇએ, તો તમારા પ્રશ્નથી તો મહાત્માઓના કહેવા પ્રમાણેનું અને જે પરમ અનન્યનું શ્રદ્ધાથી સત્યતાની ખાતરી થઇ તેવું બુદ્ધિ ગમ્ય તમોને કહી સંભળાવું છું. પ્રથમ પુરણપોલી ખાવા ઇચ્છનાર વ્યક્તિને ઘઉંની વાવણી, સંરક્ષણ, લણવું, દળવું, મેળવવું, પકાવવું વિગેરે ક્રિયા કરવી પડે છે, તેમજ તમારા પ્રશ્નનો ઉત્તર આપ્યા સિવાય કેટલુંક જરૂરી જ્ઞેય સાધનોની આવશ્યક્તા છે ને તેથીજ જગત શું છે ? જગતમાં શું છે ? જીવ શું છે ? જગતનો કર્તા કોણ ? જગત ચર છે કે સ્થિર છે ? પૃથ્વીથી દૂર રહેલા સૂર્ય–ચંદ્ર વિગેરે શું છે, વિશ્વનો આદિ ને અંત કયારે છે, એમ ઘણા સાથે ઉઠતા પ્રશ્નોનો ખુલાસો થતાં, આ વિશ્વ કયારે બન્યું ? એ પ્રશ્નોનો ઉત્તર બહુ સરલ ને બુદ્ધિ ગમ્ય થઇ પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે લોકત્રયી શું છે એ વાત ઉપરજ આપણે વિચાર કરીયે. શાંતિથી મનનપૂર્વક ખ્યાલ રાખવાથી આ વાત હૃદયમાં ઠસશે. લોક એટલે જેમાં વસ્તુઓ ચરાચર રૂપે વર્તે છે, તે લોક કહેવાય છે, તે લોક નીચેથી ઉંચે ચૌદ રાજલોક પ્રમાણ લાંબો છે, દરેક ચરાચર વસ્તુ તે સ્થાનમાંજ રહેલી છે. લોકના મુખ્ય રીતે ત્રણ ભાગ પડે છે, સ્વર્ગ મૃત્યુ અને પાતાળ નીચેથી સાત લોક સુધી પાતાળ છે તે ઉપર મૃત્યુલોક છે, ને ઉપરના ભાગમાં સ્વર્ગ દેવોનું સ્થાન[1] છે એ પ્રમાણે ચૌદ રાજલોકમાં સર્વ સમાયેલ છે તે ઉપર અલોક છે ( જુઓ ચિત્ર ૧ લું ) એક પુરૂષ બન્ને કેડે હાથ રાખી ટટ્ટાર ઉભો રહે તે પ્રમાણે આ ચૌદ રાજલોકનો ક્રમ છે એટલે કે નાભીના ભાગમાં મૃત્યુલોક, પગના ભાગમાં નારકી ને નાભીથી ઉપરના ભાગમાં સ્વર્ગ છે. એટલે ગળા સુધીમાં જ્યોતિષીને બાર દેવલોક, ગળાના ભાગમાં ગ્રૈવેયક, મુખના ભાગમાં અનુત્તર વિમાન ને કપાલના ભાગમાં સિદ્ધશિલા છે આ પ્રમાણે લોકાકાર જાણવો.

રજ્જુ પ્રમાણ કોને કહેવું તે જાણવા જરૂર છે. તો ૩૮૧૨૭૯૭૦ મણનો એકભાર એવો એક હજાર ભાર મણમાં પવાલો મહા તપેલો લોઢાના ગોળાને મહા સમર્થ દેવ જોરથી નીચે ફેંકે તે ગોળો ઘસાતો ઘસાતો ચંડગતિથી આવતો આવતો છ માસ, છ દિવસ, છ પહોર, છ ઘડી, છ સમયે જેટલું અંતર કાપે છે અંતરને રજ્જુ કહે છે. તો ચૌદ રજ્જુ પ્રમાણ ઉંચો આ લોક છે, જોકે આ વિષય ગહન છે, પણ તમારા ગહન પ્રશ્નના ઉત્તરના સાધનો પણ ગહનજ હોય તેમાં શું નવાઇ ?

## નિવેદન ૨ જું.

ચૈતન્યવાદી મહાજ્ઞાનીઓની સત્ય વાતને અજ્ઞાનતાના પડલને લઇને આપણે અસત્ય માની બેસીએ છીએ, માટે સત્ય મેળવવા અભિલાષા હોય તો વાંચન વિચારણા સત્યની શોધથી પ્રાપ્તિ ને અધ્યાપન એ સત્ય વિકાસના પગથીયા છે, અને તે પગથીયે ચાલવાથી જ ધારેલ સ્થાને પહોંચાશે. વાંચેલ પુસ્તક હિતકારી છે એમ જાણતાં તેને કપાટમાં મમત્વથી ન મુકતાં ફરી ફરી વાંચવા કે વંચાવવા ઇચ્છા રાખવી તે મતિમાનો માટે પૂર્ણ પ્રશંસનીય છે.

---

૧ તે લોકમાં નીચે પ્રમાણે ગોઠવણ સમાયેલી છે.

| | | | |
|---|---|---|---|
| સિદ્ધશિલા | સહસ્રાર | મનુષ્યલોક | અંજણા |
| પાંચ અનુત્તર વિમાનો | બ્રહ્મ. | વ્યંતર–વાણવ્યંતર | રિઠ્ઠા |
| નવ ગ્રૈવયક | લાંતક | ભુવનપતિ | મઘ્ઘા |
| આરણ અચ્યુત | સનતકુમાર માહેંદ્ર. | ધંમા | માઘવતિ |
| આનંત પ્રાણુત | સૌધર્મ ઇશાન. | વંશા | |
| શુક્ર | જ્યોતિષીચક્ર | શેલા | |

આ ગ્રંથમાં દર્શાવેલ ચિત્રો બનશે તો એક સાથે આપવા ઇચ્છા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમે સમજ્યા કે લોક કોને કહે છે–તો હવે લોકમાં મૂલ કેટલા દ્રવ્યો છે તે સંબંધમાં સંક્ષેપથી તપાસ કરીએ.

**પ્રથમ દ્રવ્ય**—ધર્માસ્તિકાય નામે છે તે ચૌદ રજ્વાત્મક લોકમાં વ્યાપી રહેલ છે. જેમ પાણીની અપેક્ષા વિના માછલીની ગતિ થઇ શકતી નથી એટલે પોતાની ગમનશક્તિ ( Motion ) હોવા છતાં પાણીની અપેક્ષા રહે છે, ઓક-સીઝન જેમ દિવાને બાળવામાં સહાય કરે છે તેમજ ધર્માસ્તિકાય સર્વ જીવોને કે દ્રવ્યોને ગમનાગમનમાં સહાયક થઇ પડે છે પણ તે ગુરૂત્વાકર્ષણ ન કહેવાય!

**બીજું દ્રવ્ય**—અધર્માસ્તિકાય છે. પંથીને વિસામો લેવા મુસાફરખાનું કે વૃક્ષની ( દિવાદિક નાઇટ્રોજનની પેઠે ) અપેક્ષારૂપ છે તેમ જીવાદિને સ્થિર રાખવામાં જેની અપેક્ષા રહે છે તે પણ ચૌદ રજ્વાત્મક લોકમાં વ્યાપ્ત છે ને ધર્મા-સ્તિકાય સાથે ક્ષીર નીરની પેઠે તપેલા લોઢાના ગોળાના લોહ અને અગ્નિની પેઠે મળેલો છે. બન્ને એકમેક છે છતાં જુદાજ છે. બન્ને અજીવ અને રૂપ રસ, ગંધ સ્પર્શથી રહિત છે.

**ત્રીજું દ્રવ્ય**—આકાશાસ્તિકાય–જેમ દુધ કે પાણી સાકરને પેસવા અવકાશ આપે છે, કાષ્ઠનો થાંભલો ખીલીને પેસવાનો અવકાશ આપે છે, તેમજ જીવોને અને પુદ્ગલોને જે અવકાશ આપે છે, તેને આકાશાસ્તિકાય કહેવાય છે. તે અજીવ છે, રૂપાદિથી રહિત છે, પોલાણ સ્વરૂપ છે, આકાશના બે વિભાગ પાડી શકાય છે, ચૌદ રજ્વાત્મક લોકમાં વ્યાપ્ત અને ઉપલા બન્ને દ્રવ્યો સાથે એકી ભાવને પામી રહેલ આકાશને લોકાકાશ કહેવાય છે ને તેની બહારની જગ્યાને અલોકાકાશ કહે છે; તેથીજ ગાર્ગીના પ્રશ્નના ઉત્તરમાં યાજ્ઞવલ્ક્ય જણાવે છે કે, ઉપલી નીચલી બધી જગ્યા મહા આકાશથી ઓતપ્રોત છે, આ અલોકાકાશમાં કોઇપણ પદાર્થ પ્રવેશ કરી શકતો નથી. ચોથું દ્રવ્ય પુદ્ગલ(Matter) છે. આ દ્રવ્યમાં અંગ્રેજોએ માનેલ ૩૨ દ્રવ્યો, પાંચ ભૂતો એ સર્વનો સમાવેશ થાય છે. શરીર, વસ્ત્ર, ચોપડી, ધુડ, અંધારૂ, પ્રકાશ[2] તેજ, છાયા, તડકો, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ને આંખે દેખાતા દરેક પદાર્થો પુદ્ગલોજ છે. શબ્દ પણ પુદ્ગલ છે ને તેથીજ ધ્વનિ વેગ દર સેકંડે ૧૧૦૦ ફુટ જાય છે, જેથી રેલ્વે સીટીનો અવાજ ૩૩૦૦ વાર, રેલ્વે ઘોંઘાટનો અવાજ ૧૨૮૦ વાર, બંધુકનો અવાજ ૧૮૦૦ વાર, બેન્ડનો અવાજ ૧૬૦૦ વાર, મનુષ્યનો ૧૦૦૦ વાર, દેડકાનો શબ્દ ૯૦૦ વાર, રાત્રીના કીડાનો શબ્દ ૯૦૦ વાર ને મોટામાં મોટો

---

૨ પ્રકાશ માટે માન્યતા પ્રવાસી બંગાલી પાનું ૮૭. આલોથે કેસેન બસ્તુર અતિ સૂક્ષ્મ કણા છુટે ગિયે. આમા દેર દૃષ્ટિકે ઓ અબાધ સ્થાનકે ભરિયે તુઃલેઇ. સે ખાને આલોર અનુ-ભુતિઓ પ્રકાશ હય. નિઉટ નેર સિદ્ધાંત જે આલો એકરકમેર અનનુભુત પદાર્થે તરંગ, એઇ ર્થ સર્વ વ્યાપી એરં એરનામ ઇથારશ્રાબ્યોમ. આધુનિક સિદ્ધાંત ાા સદ્ધોર પે ાડા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શબ્દ ૧૮ માઇલ સુધી સંભળાય છે. તેમજ પડઘો પણ પડે છે, તેમજ ટેલીફોન, ટેલીગ્રાફ, રેડીયોફોન[3] પણ વાયરલેસ શબ્દોના તે પૌદ્‌ગલિક સ્વભાવને દેખાડે છે. વળી મૂર્ખતા, નિદ્રા, સુખ, દુઃખ, ક્રોધ, માન, આયુષ્ય, નિમિત્ત ભૂત કાર્મણિક પુદ્‌ગલો છે. મિથ્યા માન્યતા અવિરતિ, ક્રોધ, માન, માયા, લોભ, મનયોગ, વચનયોગ, ને કાયયોગથી કર્મનો બંધ પડે છે ને તે ઉદયમાં આવતાં પાપ પુણ્યનો ચોપડો કે કાર્મણ શરીર નામથી તેને સંબોધીએ છીએ, તે કાર્મણ શરીર જીવનું સહગામી છે. દરેક વસ્તુના પુદ્‌ગલો સમયે સમયે મહાન પરાવર્તન પામે છે તે આપણે ચર્મચક્ષુથી જોઇ શકતા નથી, પરંતુ તે જોવાને માટે જ્ઞાનચક્ષુઓની વધારે જરૂર છે. પણ સ્વાભાવિક રીતે પાણીમાં રંગ નાખતાં જ સર્વત્ર પસરી તેથી માટી પર નાખેલ પાણીના ફેલાવાથી પ્રતિબિંબથી ફોટાથી પરાવર્તન સમજી શકાય છે. ( વિશેષમાં જુઓ પાનું ૨૨ ।। ૧૦ પરમાણુ જગતનું પરિવર્તન સાવન વિગેરે )

તે પુદ્‌ગલો ચૌદ રાજલોકમાં વ્યાપ્ત છે, તેનાં અણુઓ અતિ સૂક્ષ્મ હોય છે અને તેઓનું સંમીલન–ઉન્મીલન થયા કરે છે. આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે તે દરેકમાં સંઘાતક ( Force ) અને (Energy) વિઘાતક શકિતઓ સ્વભાવરૂપે રહેલી છે. સંઘાતક શક્તિ Elementary substance અસંગત રૂઢિ કે અણુ તથા Compound સંગત કે યોગીક અણુઓનો સ્કંધ બનાવે છે. પૂર્વર્ષિ તથા આધુનિક વિદ્વાનોનો એવો મત છે કે જો વિઘાતક શક્તિ ન હોત તો સંઘાતક શકિત-વિશ્વના સમસ્ત અણુઓને મહાસ્કંધ રૂપે બનાવી રાખત, એટલે વિઘાતક બલ પોતાનો હાથ ઉઠાવી લે તો તો સંયોજક ક્રિયા આ વિશ્વને તુરતજ એકાકાર બનાવી દે. પરંતુ વિઘાતકશક્તિને લીધે તેમ બનવું તદ્દન અશક્ય છે, તેમ છતાં એકંદરે વિશ્વની સંઘાતક શકિત વિઘાતક શકિતના ગમે તેવા પ્રતિરોધથી પણ અલ્પ કે ન્યૂન નથી.

વિઘાતક શકિત સંયુકત દ્રવ્યને છુટા પાડવાનું કાર્ય કરે છે એટલે આ શકિતને ઘણું કે ન્યુનથી સ્કંધાદિમાં અણુઓ ભેગા થાય તે કોઈ રીતે રૂચતું નથી. જો કે આ શકિતનું પ્રમાણ સર્વદા એક સરખુંજ રહે છે અને પ્રત્યેક અણુઓમાં અભિન્ન

૩ રેડીયોફોન શબ્દની ટીપણી—અમેરીકન ટપાલને રેડીયોફોન ( રેડીયોવાર્તાવહ ) માં ફેરવવાનો પ્રસ્તાવ ચાલે છે જેની સહાયથી સમસ્ત દેશમાં ઘેરઘેર એક સાથે વાર્તા થશે. રેડીયોફોનદ્વારા ઘરનું કામકાજ કરતાં કરતાં પણ હંમેશના પૃથ્વીના ખબરો સાંભળી શકાશે. રેડીયોફોનની ઉન્નતિ માટે અસામાન્ય અને બહુ વિસ્તૃત સંભાવના છે. આ યંત્રની સહાયથી એક ધીરો શબ્દ પણ એક સાથે આખા દેશમાં સાંભળી શકાશે, આ કવિ કલ્પના નથી. એકદમ સત્ય બહાર તરી આવ્યું છે. અમેરિકામાં ઘેર ઘેર રેડીયોફોન બેસે છે. ગાયન+અભિનય+વકતૃતા+સ્તુતિ+અને અધ્યયનો સમસ્ત દેશના લોકો એક સાથે સાંભળી શકે એવા ઉપાયો ચાલે છે. ( ગત વર્ષ ચૈત્ર પ્રવાસી ૨૧–૧૦ નું પૃષ્ઠ ૮૨૨ જુઓ. ) પ્રવાસી ૨૨–૧–૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવે સ્થિત છે, પરંતુ આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ તેનું ભિન્ન સ્વરૂપ અને ઈતર શકિત રૂપે સંક્રમણ પ્રતીત થાય છે. જો વિઘાતક શકિતનું સામ્રાજ્ય હોય અને સંઘાતક શકિતનો નિતાન્ત પરાભવ થાય તો પ્રત્યેક અણુ છુટા છુટા થઈ જાય છે, જે જગતના કાર્ય કરવામાં નિરૂપયોગી રહે, આ રીતે આ ઉભય શકિતના પરસ્પર વિરૂદ્ધ સ્વભાવ વડે આ વિશ્વનું તંત્ર ચાલે છે અને પ્રત્યેક અણુઓ આ શકિતની પ્રેરણાથી વિવિધ અવસ્થાને પામ્યા કરે છે. અણુતાણુથી બનેલ સ્થૂલ અણુઓ પણ આપણી દ્રષ્ટિથી કે વૈજ્ઞાનિક દૃષ્ટિથી કેટલી સૂક્ષ્મતાવાળા દેખાય છે તે માટે આપણે વાંચ્યું તો હશે કે–એક ઇંચ સોનાના વરખના ૨૮૨૦૦૦ થર સમાય છે. ચાર માસ માપવાળા [૪]કરોળીયાના જાલાનો તાર ૪૦૦ માઇલ લંબાય છે. અર્ધ આંગળી પ્રમાણ ઘન જગામાં અણું ૨૧૦૦૦૦ ૦૦૦૦ ૦૦૦૦ ૦૦૦૦ ૦૦ ( Atom નીરાલોઅણુ અને Molecule પર સાથે મળેલો અણુ ) દેખાય છે.

વળી રેડીયમના એક અણુમાં ૧૬૦૦૦ વિદ્યુદણુનો સમાવેશ થાય છે, વિશ્વના પાયા રૂપ આ અણું વિદ્યુદણું કે પરમાણુ રૂપ ત્રણ તત્વોનો +ગગનમંડલોનો+ સમર્થન થાય છે તેમ ફેરફાર નાશ થવાનું જણાયું નથી. પાણીના એક પરમાણુંનો નાશ ઇંચના ૫૦ ક્રોડમા ભાગ જેટલો થાય છે તેથી પાણીનું ટીપું પૃથ્વી જેવડું કરીએ તો અણુ નારંગી જેવડું થાય છે.

વળી Modern views on matter નામનું પુસ્તક સને ૧૯૦૩ માં પ્રસિદ્ધ થયું, તેની પૃષ્ઠ ૧૨–૧૩ ની હકીકતથી તો વિજ્ઞાનસૃષ્ટિમાં ભારે ખળભળાટ થયો છે. તે કહે છે કે અત્યાર સુધી Atoms અવિભાજ્ય માનવામાં ભૂલ થયેલ છે જે હાઇડ્રોજન વગેરેના અણુઓ મૂલ તેમજ અવિભાજ્ય મનાતા હતા.

તે દરેક અસંખ્ય સૂક્ષ્મ અણુઓની સમષ્ટિરૂપ–સ્થૂલ અણુરૂપ છે. જે સુક્ષ્મ અણુઓનું નામ Electron વિદ્યુદણુ છે. સર ઓલીવર લોજ કહે છે કે–પ્રતીત થતી સર્વ વસ્તુઓનું ઉપાદાન કારણ વિદ્યુત્કણોજ છે, તેની સૂક્ષ્મતા માટે પાશ્ચાત્ય વિદ્વાનો કહે છે કે હાઇડ્રોજનના એકજ શુદ્ધ અણુમાં ૧૬૦૦૦ વિદ્યુત્કણો છે. સર ઓલીવર લોજ કહે છે કે આવી રીતે સંગાથે રહેલા વિદ્યુદણુઓમાં પણ પરસ્પર બહુ આંતરૂં છે એટલે એક નીરંશ અણુમાં જે વિશાળ સંખ્યાવાળા વિદ્યુદણુઓ છે તે પણ એક બીજાના સ્થાનથી છુટા છુટા પ્રતીત થાય છે, જેના પરસ્પરના આંતરાનો મુકાબલો સૂર્યમંડળમાં ફરતા ગ્રહ–ઉપગ્રહોથી કરી શકાય તેમ છે અર્થાત એક રેડીયમ આદિના નીરંશ સમુદાય રૂપે રહેલા સમસ્ત વિદ્યુદણુઓ ગીચોગીચપણે નહીં રહેતાં તેમાં છુટા છુટા રહે છે ઉપરાંત ફાજલ જગા

૪ કરોળીયાની જાલની ટીપણી—કરોળીયાની જાળના તાંતણા ઇંજનેરોને માપવા માટે બહુ ઉપયોગી થયાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી વિશાલ રહે છે. હવે આ વિદ્યુત્કણો પણ કોઈ બીજા સૂક્ષ્મતમ દ્રવ્યોની સમષ્ટિ રૂપે હોય તો કેમ ના કહી શકાય ? દરેક વાત વિજ્ઞાનશાળાની છે, પણ ચક્ષુગોચર થતાં પદાર્થોમાંના Molecule યોગિકઅણુંઓ પણ અતિ સૂક્ષ્મ હોય છે તે માટે પાશ્ચાત્ય વિદ્વાનોએ એવું સાબીત કર્યું છે કે એક ત્રાંબાના પતરાને ટીપતાં ટીપતાં એક ઇંચના ૭૦ કરોડમાં ભાગ જેટલું પાતલું રહે ત્યાં સુધી તાંબ્રપણામાં રહે છે અને ત્યારપછી તેને ટીપીએ તો તે ઈથરપણામાં પરિણમવાની તૈયારી માટે યોગ્ય બને છે, એટલે ઈથરપણે પરિણમે; તે પહેલાં તાંબાની પતરીનો જેના ભાગની કલ્પના નજ થઇ શકે તેવો ભાગ છુટો પાડીએ, આનું નામ યોગિકઅણુ Molecule છે તે અતિ સૂક્ષ્મ હોય છે. સાબુના પરપોટાની તરીની જાડાઇ એક ઈંચના લાખમાં ભાગ જેટલી હોય છે તેનો એક પ્રદેશ તે સાબુનો અણુ કહેવાય છે, પરંતુ તેમાં મૂળ રૂઢિક દ્રવ્યોની સંખ્યા કેટલી હશે તે સંબંધી કાંઇ કલ્પના થઇ શકતી નથી. એક વટાણા જેટલા પાણીને પૃથ્વીની જેટલું કલ્પીએ તો પાણીનો અણુ ક્રિકેટના દડા જેવડો દેખાય. એલ્બ્યુમન(Albumen)ના ઈંચના હજારમાં ભાગો પૈકીના એક ભાગમાં એકોતેર મહાપદ્મ સંખ્યા પ્રમાણ યોગીક અણુઓ હોય છે. વળી ઈંચના દોઢસોમા ભાગ જેટલા પ્રમાણવાળા ઇંડામાંથી દરસેંકડે એકેક અણુ લેતાં ૫૬૦૦ વર્ષે તે અણુઓ લઇ શકાય એટલા બધા તેમાં અણુંઓ છે. આ પ્રમાણે અંગ્રેજ ગ્રંથકારો પણ પુદ્ગલોનું સૂક્ષ્મ સર્વત્ર પરિવર્તન કબુલ કરે છે, તે અણુંના અનંતમા ભાગને પરમાણુ કહેવાય છે. આ પ્રમાણે ચોથું પુદ્ગલ દ્રવ્ય વિશ્વમાં પરિપૂર્ણ છે તે નિર્જીવ દ્રવ્ય છે. ( ચાલુ )

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયને મળેલ શ્રી સારાભાઇ મગનભાઇ મોદી લોન–સ્કોલરશીપ ફંડના.

### ઉદ્દેશ તથા નિયમો.

#### ઉદ્દેશ.

આ ફંડનો ઉદ્દેશ મુખ્યપણે ટુંકમાં કહીએ તો જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોમમાં માધ્યમિક કેળવણી, ટ્રેઈનીંગ સ્કૂલ યા કોલેજ, કળાકૌશલ્ય તથા મિડવાઇફરી, નર્સિંગ, દેશી વૈદક, રાષ્ટ્રિય શિક્ષણ, હિસાબી જ્ઞાન વિગેરેનો પ્રચાર નીચે પ્રમાણે કરવાનો છે અને તેથી સ્પષ્ટતાથી વિગતવાર એ છે કે:—

( क ) માધ્યમિક કેળવણી લેનારને સહાય આપવી.

( માધ્યમિક કેળવણીનો અર્થ અંગ્રેજી ચોથા ધોરણથી તે અંગ્રેજી સાતમા ધોરણ સુધીનો અભ્યાસ સમજવો ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ख ) ' ટ્રેઇનીંગ સ્કૂલ ' અથવા ' કોલેજ'માં અભ્યાસ કરી ટ્રેઈન્ડ શિક્ષણ કે શિક્ષિકા થવા ઈચ્છનારને સહાય આપવી.

( ग ) ' મિડવાઈફ ' કે ' નર્સ ' નવા માટે તાલીમ લેવા ઈચ્છનાર કન્યા યા સ્ત્રીને સહાય આપવી.

( घ ) હિસાબીજ્ઞાન ( Accountancy ), ટાઇપ રાઈટીંગ, શોર્ટહેન્ડ ( ટુંકાક્ષરીનો ) અભ્યાસ ખાનગી સ્કૂલ કે કોલેજ ( જેવી કે દાવરની કોલેજ ઓફ કોમર્સ અન્ય કલાસો ) માં કરવા ઈચ્છનારને મદદ આપવી.
( આમાં B. Com. ) નો અભ્યાસ ગવર્નમેન્ટ કોલેજમાં કરનારનો સમાવેશ થતો નથી ),

( ङ ) કળાકૌશલ્ય એટલે કે પેઇન્ટીંગ, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇંજનેરી, વિજળી આદિનું સામાન્ય કે વિશિષ્ટ કામ શીખવા માંગતા હોય તેમને અભ્યાસને અંગે સહાય કરવી.
( આમાં B. E. નો અભ્યાસ કરનારનો સમાવેશ થતો નથી ).

( च ) દેશી વૈદકનું જ્ઞાન આપતી શાળા કે કોલેજ ( જેવી કે પોપટ પ્રભુરામની સ્કૂલ ) માં શીખવા ઈચ્છનાર યા નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા ઈચ્છનાર તેમજ હોસ્પીટલ એસીસ્ટંટ યા L. C. P. S. થવા ઈચ્છનાર વિદ્યાર્થીને સહાય કરવી.

**ખુલાસો:**—ઉક્ત ઉદ્દેશ પ્રમાણે લાભ લેનારમાં પુરૂષ અને સ્ત્રી એમ બંને જાતિનો સમાવેશ થાય છે, અને શાળા કે કોલેજ કે કલાસમાં ખાનગી, રાષ્ટ્રિય કે સરકારી સર્વનો સમાવેશ થાય છે.

## નિયમો.

ઉપરના ઉદ્દેશાનુસાર લાભ લેનાર માટેના નિયમો નીચે પ્રમાણે છે:—

( ૧ ) તે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક હોવો જોઈયે.
( ૨ ) તેની શારીરિક સ્થિતિ વિદ્યાભ્યાસને યોગ્ય હોવી જોઈયે.
( ૩ ) તેની બીજી ભાષા ( Second Language )સંસ્કૃત હોવી જોઇએ.
( ૪ ) તેણે આ ફંડની કમિટી ઠરાવે તે પ્રકારનું અને તેટલું ધાર્મિક શિક્ષણ લેવું જોઈશે.
( ૫ ) નક્કી કરેલા સ્વરૂપમાં ( ફોર્મમાં ) તેણે લિખીત અરજી કરવી જોઈશે.
( ૬ ) તેણે પોતાના અભ્યાસનો તેમજ સારી ચાલચલણનો રિપોર્ટ પોતાના શિક્ષક કે હેડમાસ્તરની સહી સાથેનો દર છ માસે મોક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લી આપવો પડશે અને તેણે દરેક વાર્ષિક પરીક્ષામાં પાસ થવું જોઈશે.

( ૭ ) તેને અપાતી મદદ તેણે લોન તરીકે સ્વીકારવાની છે અને તે બાબતનું એગ્રીમેન્ટ લિખિત કરી આપવું પડશે.

એગ્રીમેન્ટ.

ઉપર પ્રમાણે લોન તરીકે મદદ લેનારને લિખિત કરારપત્ર કરી આપવાનું છે, તે એ રીતે કે તેણે જે જે મદદ લીધી હોય અને લે, તે તેના મોકલવાના ખર્ચ સહિત વગર વ્યાજે પાછી વાળી યા ભરી આપવાની છે. કમાવાની શરૂઆત થતાં માસિક ત્રીસની આવક પ્રમાણે દર માસે ઓછામાં ઓછો એક રૂપિયો એવા પ્રમાણમાં ધીરેલી રકમ પાછી વાળવાની છે.

જો સહાય લેનાર સગીર ઉમરનો હોય તો સદર એગ્રીમેન્ટ પર તેણે અને તેના વાલીએ એમ બંનેએ સહી કરવી પડશે અને તે એગ્રીમેન્ટ ચાલુ કરી આપવાની કબુલાત આપવી પડશે.

મદદ કયારે બંધ થશે.

લાભ લેનારની તરફથી અભ્યાસ તથા ચાલચલણનું સર્ટીફીકેટ નહિ આવે યા તેનો અભ્યાસ યા ચાલચલણ સંતોષકારક નહિ જણાય, યા તો અભ્યાસ છોડી દે, વાર્ષિક પરીક્ષામાં એકવાર નાપાસ થાય, યા ભરેલા ફોર્મમાં અસત્ય વિગત જણાશે તો તેને અપાતી મદદ તુરત બંધ કરવાની સત્તા વ્યવસ્થાપક કમિટીને રહેશે. આવા કોઈપણ સંયોગમાં મદદ બંધ થાય તો જે અગાઉ ધીરેલ રકમ વિગેરે તેને ખાતે ઉધરેલ હોય તે આપવા તે બંધાયેલ રહેશે.

# વર્તમાન સમાચાર.

## ઑનરરી મેજીસ્ટ્રેટની પદવી.

આ સભાના ઉ૦ પ્રમુખ અને શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણાની સ્થાનિક કમીટીના પ્રમુખ શેઠ ગુલાબચંદ આણંદજી કે જેઓ આ બન્ને સંસ્થાની તન, મન, ધનથી સેવા પ્રથમથીજ કરતા રહ્યા છે તેમને હાલમાં આ ભાવનગર રાજ્ય તરફથી ગયા માસમાં ઑનરરી માજીસ્ટ્રેટની માનદ્ પદવી આપવામાં આવી છે. આ શહેરના જૈન તરીકે આ માન તેમને પ્રથમજ મળ્યું છે, અમે તે માટે તેમને મુબારકબાદી આપીએ છીએ. હવે પછી જૈન કોમ અને શહેરની પ્રજાની સેવા કરવા તેઓ વધારે ભાગ્યશાળી થાય તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

**૧ પૂજા સંગ્રહ**—આ બુકમાં પ્રથમ ૧ મહાવીર સ્નાત્ર પૂજા, ૨ શ્રી નવતત્ત્વ પૂજા, ૩ શ્રી પંચજ્ઞાન પૂજા, ૪ તત્ત્વત્રયી પૂજા, ૫ પંચમહાવ્રત પૂજા, ૬ અષ્ટપ્રકારી પૂજા, અને ૭ બાર ભાવનાની પૂજા. આ સાત પૂજાઓ આવેલી છે. તેના કર્ત્તા વ્યાખ્યાન વાચસ્પતિ **મુનિરાજશ્રી લબ્ધિવિજયજી** છે. આ બુકમાં આવેલ નવતત્ત્વ, તત્ત્વત્રયી અને બાર ભાવના વગેરે એવા વિષયો છે કે તત્ત્વનું સામાન્ય જ્ઞાન જાણવાના જિજ્ઞાસુઓને આ પૂજા ભણાવવા કે વાંચવાથી તે મળી શકે તેમ છે. બીજા બધા કરતાં સંગીનદ્વારા કરવામાં આવતી પ્રભુભક્તિ અલૌકિક છે. અને તેનાથી પણ કર્મનિર્જરા થાય છે એમ શાસ્ત્રકાર મહારાજનું કથન છે. આ પૂજાની રચના કરનાર મહાત્માએ દરેક વિષયોને તે તે પૂજામાં સ્પષ્ટ રીતે બતાવેલ છે. ગ્રંથારંભમાં આ પૂજાના બનાવનાર મુનિ મહારાજે જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી ( પોતાના ગુરૂરાજજી ) ની છબી તથા અર્પણ પત્રિકા આપી સાથે ગુરૂભક્તિ પણ ઠીક બતાવી છે. તેના પ્રકટ કરનાર–શાહ, નરોત્તમદાસ રીખવચંદ રાધનપુરવાળા છે, અને તેની કંઇપણ કિંમત ન રાખતાં પ્રભુ ભક્તિ કરવાના જિજ્ઞાસુઓને ભેટ આપતા હોવાથી તેઓ ધન્યવાદ પાત્ર છે.

---

૨ Reminiscences of Vijay Dharma Suri ( શ્રી વિજયધર્મસૂરિનું સ્મરણ-સ્મૃતિ ) આ નામનો અંગ્રેજી ગ્રંથ પોતાની ગુરૂભક્તિ બતાવવા નિમિત્તે ઉક્ત મહાત્માના શિષ્ય શ્રી વિજયઇન્દ્રસૂરિએ લખ્યો છે. આ ગ્રંથમાં પ્રથમ ગ્રંથકર્ત્તા મહારાજે નિવેદન આપી તેર પ્રકરણોમાં શ્રીમાન્ વિજયધર્મસૂરિજી મહારાજનું પૂર્વ અને પાશ્ચાત્ય વિદ્વાનોએ લખેલ જીવન વૃત્તાંત અને અહિંસાના સુવિખ્યાત વક્તા તરીકે જણાવેલા છે, ત્યારબાદ તેઓશ્રીના સ્વર્ગવાસથી વિદેશી વિદ્વાનોના દીલસોજીના તારો, શિવપુરીમાંનું સ્મારક, અગત્યના પત્રો, લાગણીઓ, સંદેશાઓ, લંડન ટાઇમ્સ પેપરનો સેઇન્ટ અને સ્કોલેર તરીકેનો લેખ, રોમનો પ્રખ્યાત પત્ર, સૂરિજી મહારાજના ચાતુર્માસો, અને લખેલા ગ્રંથો, શિષ્યપરિવાર વગેરેનું વર્ણન ઇંગ્લીશમાં આપવામાં આવેલું છે. સાથે ઉક્ત સ્વર્ગવાસી આચાર્ય મહારાજનો ફોટો, શિવપુરીના ગુરૂમંદિરનો અને તેમાં પ્રતિષ્ઠિત કરેલ ગુરૂરાજની મૂર્તિનો ફોટો આપી ગ્રંથની શોભામાં–ગુરૂભક્તિમાં વૃદ્ધિ કરી છે. કિંમત રૂા ૨–૮–૦ અમોને કંઇ વિશેષ જણાય છે, આ ગ્રંથનું ભાષાંતર ગુજરાતીમાં કે હિંદી કરી જેમ બને તેમ ઓછી કિંમતે પ્રચાર કરવાની નમ્ર સૂચના આપવામાં આવે છે. પ્રકાશક શેઠ ટોડરમલ ભાંડાવત સેક્રેટરી શ્રી વિજયધર્મસૂરિ મેમોરીયલ ફંડ, શિવપુરી ગ્વાલીયર સ્ટેટ.

**૩ પ્રકરણ સંગ્રહ ભાગ ૨ જો**—જેમાં અનેક પ્રકરણોમાંથી ૨૭ થોકડા તૈયાર કરી આ ગ્રંથ તૈયાર કરેલ છે. તેના સંશોધક, સ્થાનકવાસી સ્વર્ગવાસી મુનિ શ્રી ઉત્તમચંદજી છે. જીવના ભેદો અલ્પબહુત્વ, દંડક, યોગ, જીવના ભેદ, લેસ્યા, ધ્યાન, શરીર, ઇંદ્રીય વગેરે બોલોનો આ ૨૭ થોકડામાં સમાવેશ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે તેના જીજ્ઞાસુઓને ખાસ ઉપયોગી બનાવેલ છે. પ્રતાકારે શાસ્ત્રી ટાઇપમાં છપાવી પાકા બાઇંડીંગથી તૈયાર કરેલ છે. પ્રકાશક શેઠ જેઠમલજી ભેરૂદાનજી બીકાનેરવાળા છે. મૂલ્ય રૂા: ૧–૦–૦

નીચેના ગ્રંથો અમને ભેટ મળ્યા છે તે સાભાર સ્વિકારવામાં આવે છે.

૧ શ્રીમદ્ ધર્મસિંહજી અને શ્રીમદ્ ધર્મદાસજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન—મેઘદૂત મહાકાવ્ય માટે મળેલો અભિપ્રાય.

રા. રા. શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી સાહેબ.

આપના તરફથી જોવા મળેલું જૈન—મેઘદૂત મહાકાવ્યનું મેં અવલોકન કર્યું છે. પ્રથમ તો મને આ કાવ્યમાં કાંઈક વધારે કઠિનતા ભાસવાથી દોષવાળું લાગ્યું. પરંતુ જરા પ્રયાસથી તેના પર સૂક્ષ્મ દૃષ્ટિ કરી, ત્યારે વરસાદના કરાની જેમ ઉજ્વળ અમૃતરસ ઝરતું દેખાયું. જેથી બીજાં અનેક કાર્યોમાં ગુંચવાયેલો છતાં મારા હાથથી, દૃષ્ટિથી અને મનથી તે જરા પણ દૂર થઈ શક્યું નહિ. આ કાવ્યમાં શ્રી નેમિનાથ પ્રભુ તથા રાજીમતીનું ચરિત્ર શ્રૃંગાર અને શાંત રસમય હોવાથી અત્યંત ચિત્તાકર્ષક છે. સટીક સાદ્યંત વાંચવાથી મારૂં મન કબુલ કરે છે કે કાવ્યના વિદ્યાર્થીઓએ આ આખું કાવ્ય ભણીને મુખપાઠ કર્યું હોય તો તેમને આ એકજ કાવ્યથી ઘણું સારૂં જ્ઞાન થઈ શકે તેમ છે. પરંતુ આ કાવ્યની પહેલાં જૈન કુમારસંભવ જેવાં એક બે કાવ્યો ભણવાની જરૂર છે અને તે પ્રમાણે ક્રમસર અભ્યાસ થાય તો માઘ અને નૈષધ જેવાં કાવ્યો પણ સુબુદ્ધ થઇ શકે એવું મારૂં માનવું છે. ઉપરાંત આ મહાકાવ્યમાં ટીકાકારે કાવ્યપ્રકાશાદિકનાં પ્રમાણો આપી તથા રસ, અલંકાર, કોષ અને વ્યાકરણનાં સૂત્રો આપી વિદ્યાર્થીઓને માટે મોટો ઉપકાર કરેલો સ્પષ્ટ જણાય છે. તે સાથે સંશોધક પ્રવર્તક શિષ્ય મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજે તે તે પ્રમાણનાં સ્થળો તથા સિદ્ધહેમ વ્યાકરણનાં સૂત્રોના અષ્ટાધ્યાયી અંક આપેલા છે. જેથી વિદ્યાર્થીઓને સહેલાઈથી તેનું જ્ઞાન થઇ શકે તેમ છે. ખરેખર અભ્યાસીઓને માટે આ કાવ્ય સર્વોત્તમ છે. ઇતિશમ્.

સંવત ૧૯૮૦ શ્રાવણ શુકલ સપ્તમી.

લી. શાસ્ત્રી જેઠાલાલ હરિભાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આચાર્યશ્રી વિજયવીરસૂરીશ્વરજીનો સ્વર્ગવાસ.

ગુજરાતમાંથી વિહાર કરી ઉકત આચાર્ય મહારાજ વૈશાક માસમાં મુંબઇ પધારતાં ચાતુર્માસ પણ ત્યાં બિરાજ્યા હતા. કેટલાક વખતથી લકવાના વ્યાધિથી પીડાતા શ્રાવણ શુદ ૪ના રાત્રિના મુંબઈ શહેરમાં સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીએ પાંત્રીશ વર્ષ ઉત્તમ રીતે ચારિત્ર પાળ્યું હતું. સ્વભાવે સરલ, અને ભદ્રિક પરિણામી હતા. ઉકત મહાત્માના સ્વર્ગવાસથી એક ચારિત્રપાત્ર મુનિરત્નની જૈન કોમમાં ખોટ પડી છે. ઘણા વર્ષો પછી મુંબઇમાં આવો બનાવ બનવાથી આ આચાર્ય મહારાજનો નિર્વાણ મહોત્સવ મુંબઇની જૈન પ્રજાએ ગુરૂભકિત કરી સારી રીતે કર્યો છે. આ મહાત્માના પવિત્ર આત્માને અખંડ–અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થના કરીયે છીયે.

## જૈન મેઘદૂત મહાકાવ્ય.

અન્ય દર્શનીઓનાં કાવ્યોની જેમ જૈન દર્શનના વિદ્વાન મહાત્માઓએ પણ અનેક ઉત્તમ કાવ્યો કરેલાં છે; પરંતુ કેટલાંક સાધનોને અભાવે કેટલાક સમયથી તેમનું પઠનપાઠન બંધ થયેલું જોવામાં આવે છે. અને તેવા ઉત્તમ કોટીના કાવ્યો પ્રકટ પણ અલ્પ અંશે થાય છે. વર્તમાન સમયમાં સંસ્કૃત ભાષાના અભ્યાસીઓને તથા જીજ્ઞાસુઓને સમયાનુકૂળ સાધનો પૂરાં પાડી આપવા વિવિધ પ્રકારનું સાહિત્ય આ સભા પ્રકટ કરે છે. ઉપરોકત મેઘદૂત કાવ્ય શ્રીમેરૂતુંગ આચાર્યે રચેલ છે, અને તેની ટીકા શ્રી શીલરત્નસૂરિની કરેલી કે જે એક અદ્‌ભૂત કાવ્યરચના છે. જેથી કાવ્યના અભ્યાસીઓ માટે ખાસ આ મહાકાવ્ય સટીક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ કાવ્યનો પરિચય અતિ ઉપયોગી હોવાથી જનસમૂહમાં સહેલાઇથી તેનો પ્રચાર થવા માટે અનેક ભંડારોમાંથી અનેક પ્રતો મેળવી ઘણા પ્રયત્ને શુદ્ધ કરી તેને પ્રકટ કરવામાં આવેલ છે. તેના માટેનો અભિપ્રાય આ માસિકના છેવટના ભાગમાં વાંચવા ભલામણ છે. અભ્યાસીઓ માટે એક અપૂર્વ કૃતિ હોઇ અવશ્ય ખરીદવા યોગ્ય છે. કીં. રૂ. ૨–૦–૦ પો. જુદું.

## છપાયલા જૈન ગ્રંથોની ( ડીરેકટરી ) ગ્રંથાવલી.

શ્રીમાન્ બુદ્ધિસાગરસૂરિના ઉપદેશથી " શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડલ ( પાદરા ) તરફથી ડીરેકટરી તૈયાર કરવાનું કામ હાથ ધરી હાલ અમદાવાદમાં શરૂઆત કરવામાં આવી છે અને આશરે બે હજાર ઉપરાંત ગ્રંથોની નોંધ લેવાઈ ગઇ છે. જાણીતે ઠેકાણેથી લીષ્ટ અને હકીકતો મંગાવવા ફોર્મ વિગેરે મોકલવામાં આવ્યાં છે, પાછા જવાબો પણ આવી ગયા છે. કામના દબાણથી જે જે વિદ્વાન વર્ગ, તેમજ મુનિ વર્ગને ફોર્મ મોકલાયાં ન હોય તેમણે નીચેના સ્થળેથી મંગાવી બનતી તાકીદે હકીકતો પુરી પાડવા જૈન આલમ તેમજ ઇતર ઉત્સાહી વર્ગનું ધ્યાન ખેંચવામાં આવે છે કે:—વિદ્વાન વર્ગને રેફરન્સ તરીકેનું સબળ સાધન તૈયાર કરવામાં અપ્રમાદે હકીકત પૂરી પાડે.

વર્દ્ધમાન સ્વરૂપચંદ વકીલ હાજા પટેલની પોળ–ખારા કુવાની પાસે—અમદાવાદ.

## નવા દાખલ થયેલા બીજા વર્ગના લાઇફ મેમ્બરો.

૧ શેઠ મનઃસુખલાલ સુખલાલ તારવાળા મુંબઇ
૨ શેઠ ચુનીલાલચત્રભૂજ બી. એ. એલ. એલ બી. લીંબડી
૩ ઝવેરી નગીનચંદ ઝવેરચંદ ભરૂચ
૪ રા રા. મોહનલાલ દલીચંદ દેશાઇ મુંબઈ
૫ શા. જગજીવનદાસ નરોત્તમદાસ રે. ભાવનગર
૬ શા. ગીરધરલાલ હરજીવનદાસ
૭ શેઠ ડાહ્યાભાઇ છગનલાલ રે. મુંબઇ
૮ શ્રી પાલડી જૈન પાઠશાળા પાલડી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ધાર્મિક તથા સાંસારિક રિવાજો વગેરે ઉપર થયેલી અસરઃ—

પશ્ચિમનાં નવીન વાતાવરણની અસર ધાર્મિક માન્યતાઓ તથા રિવાજો ઉપર પણ ધીરે ધીરે કરતાં ઘણી જ ઉંડી થયેલી છે. છેલ્લાં બસો વર્ષોના અંગ્રેજી રાજ્યને અંતે પ્રત્યેક ધર્મના અનુયાયીઓમાં સ્વધર્મ પ્રત્યે ઘણી શિથિલતા આવી ગયેલી માલુમ પડે છે. પશ્ચિમના જડવાદે ઘર કરવા માંડયું છે, અને જે અધ્યાત્મિક તત્વ માટે હિંદના લોકો મગરૂર હતા, તેનો અસ્ત થતો ચાલ્યો છે, તો પણ અન્ય ધર્માવલંબી પ્રત્યે પરસ્પરમાં જે વિરોધ તથા વૈરવૃત્તિ હતાં, તે લોકો સમદૃષ્ટિ રાખતા થયા, એટલે નાશ પામ્યાં છે ખરાં. દયાનંદ સરસ્વતી નામના આર્ય સમાજના સમર્થ પિતાએ મૂર્તિપૂજા પ્રત્યે જબરો વિરોધ જગાવ્યો અને સ્વામિ વિવેકાનંદ, રામતીર્થ આદિ સમર્થ વિદ્વાનોએ ધર્મ પ્રત્યે જોવાનાં દૃષ્ટિબિંદુ ફેરવી, સમાજ હૃદયને વિસ્તૃત બનાવ્યું છે. આ સર્વે પશ્ચિમના વાતાવરણને જ આભારી છે. સાંસારિક રિવાજોમાં પણ ઘણો ફેરફાર થઇ ગયો છે. પ્રત્યેક જ્ઞાતિઓનાં જૂના અને કઢંગા બંધારણોને ફેંકી દઇ, જ્ઞાતિઓએ દેશ કાળને અનુસરી નવીન બંધારણો ધારણ કરવા માંડ્યાં છે એટલુંજ નહિ, પણ કરોડો અંત્યજો પ્રત્યે આજ સુધી જે અન્યાય ભરેલી રીતે વર્તન કરવામાં આવ્યું છે, તે દૂર કરી તેઓ પ્રત્યે સહાનુભૂતિથી તથા પ્રેમપૂર્વક વર્તી તેમને ઉન્નતિને માર્ગે યોજવા માટે પગલાંઓ લેવાનું સમાજે સ્વીકાર્યું છે; પરંતુ પશ્ચિમના પવનના અસર વિશેષને વિશેષ થઇ, લોકો પોતાનું સ્વરૂપ વીસરી જઇને કદાચ આડે માર્ગે દોરવાઇ, જૂનું એટલું ખોટું અને નવું તેટલું જ સારૂં એમ માની બેસત ખરી; અને તેવો સમય આવતો હતો એવું દેખાતું હતું પણ ખરૂં. પરંતુ હિન્દના સદ્ભાગ્યે તેવાં અનિષ્ટ પરિણામો આવે તે પહેલાં હિન્દીઓ પૂરો વિચાર કરતા થયા છે, અને હિન્દનું પ્રાચીન ગૌરવ શું હતું ? તથા દેશકાળને કેવાં સારાં ધોરણો, આચારવિચારો જોઇએ ? તેનું પણ શુદ્ધ સ્વરૂપ સમજતા થયા છે. એટલે પશ્ચિમના ખડક સાથે અથડાઇ હિંદી સમાજનૌકાના ચૂરેચૂરા થઇ જવાની જે ધાસ્તી સ્વાભાવિક રીતે લાગી હતી તે દૂર થઇ છે. સ્થળસંકોચને લીધે આપણી વસ્તુ વિશેષ લંબાવી શકાય તેમ નથી. છેવટે ભારતવાસીઓ પોતાનું શુદ્ધ સ્વરૂપ તથા હિતાહિત પૂરેપૂરા સમજતા થાઓ અને સામાજીક, ધાર્મિક, ઔદ્યોગિક, આર્થિક તેમજ રાજકીય પ્રકરણોમાં દેશકાલાનુસાર તથા સમયોચિત ફેરફારો કરી દેશની મહત્ત્વાકાંક્ષાઓ તથા હક્કો મેળવી જગતમાં ઉચ્ચ સ્થાન લ્યો; એવી જગન્નિયંતા પાસે પ્રેમપૂર્વક યાચના કરી લેખિની મૂકવા રજા લઉં છું.

**હિંદુસ્તાનની સંસ્કૃતિ.**

For Private And Personal Use Only